# શ્રી પ્રભાવક જિનવાણી

વિ.સં. ૨૦૬૭ ● વર્ષ - ૧૧, અંક-૧૦

મૂલ્ય છૂટક નકલ રૂા. ૪/-

વૈશાખ વદ -૧૩, સોમવાર, તા. ૩૦-૫-૨૦૧૧

જૂન – ૨૦૧૧



❊ પ્રવચનકાર ❊

સકલાગમ રહસ્યવેદી, પરમ ગીતાર્થ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાના
પટ્ટપ્રભાકર પૂ. સિદ્ધાન્તમહોદધિ સ્વ. પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના
પટ્ટધરરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ પરમ શાસન પ્રભાવક સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા


## જૈનપણું શું છે અને શા માટે છે?

(પૂ. પરમ આગમાભ્યાસી આચાર્યદેવ શ્રીમત્ સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજ અને પૂ. બાલબ્રહ્મચારી, સમર્થ વિદ્વાન, વ્યાખ્યાનવાચસ્પતિ પંન્યાસ પ્રવર શ્રીમદ્ રામવિજયજી ગણિવરનાં અતિમનનીય અને તત્ત્વમય પ્રવચનો-)

### સર્વોત્તમ ગણાતું માનવજીવન પણ અફલ જતાં પશુથી હલકું ગણાય છે.

*(અમદાવાદની પાછીયાની પોળના શ્રાવકોની અતિ આગ્રહભરી વિજ્ઞપ્તિથી, પૂ. આચાર્ય **શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજ**, પૂ. શાન્તમૂર્તિ આચાર્ય **શ્રી વિજયમેઘસૂરીશ્વરજી મહારાજ**, પૂ. ઉપાધ્યાયજી **શ્રી મનોહરવિજયજી ગણિવર**, સિદ્ધાન્તમહોદધિ **શ્રી પ્રેમવિજયજી મહોપાધ્યાય**, તથા વ્યાખ્યાનવાચસ્પતિ પંન્યાસપ્રવર **શ્રીમદ્ રામવિજયજી ગણિવર** આદિ મુનિવરો, વૈશાખ શુક્લા ચતુર્દશી: તારીખ: ૨-૫-૧૯૩૧: શુક્રવાર સવારે વિદ્યાશાળાએથી ત્યાં પધાર્યા હતા અને પોળના મધ્ય ભાગની વિશાળ જગ્યામાં બાંધવામાં આવેલા ખાસ મંડપમાં, શરૂમાં **પૂ. સાગરાનંદસૂરીશ્વરજી મહારાજે** અને પોરસી ભણાવ્યા બાદ **પૂ. પંન્યાસપ્રવરશ્રીએ - ''જૈનપણું કોને કહેવાય અને ક્યારે સફલ ગણાય?''** એ વિષે તત્ત્વમય મનનીય પ્રવચનો આપ્યાં હતાં, જેમાંના કેટલાક ભાગનું સારભૂતઅવતરણ અત્રે અપાય છે. સ્થલે સ્થલે પૂ. પંન્યાસપ્રવરશ્રીની અમીવાણી સાંભળવા જૈન-જૈનેતર સ્ત્રીપુરુષો જેમ સેંકડોની સંખ્યામાં મળતાં, તે જ દશા અહીં હતી.)*

પરમ આગમાભ્યાસી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજશ્રીએ મંગલાચરણ રૂપે કરેલ મનનીય વ્યાખ્યાન

**''सम्यग्दर्शनशुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति ।**
**दुःखनिमित्तमपीदं, तेन सुलब्धं भवति जन्म ।।१।।''**




ફોન: ૨૩૪૨ ૭૦૬૧-ઓ. **માનદ્ સંપાદક : શાહ દિલીપ હરગોવિંદદાસ ઘીવાળા** ફોન: ૨૩૮૬ ૬૮૧૨ (ઘર)

કાર્યાલય : **શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટ, ૫૯, બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧૮૫, શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.**

## ભવિતવ્યતા ક્યાં?

શાસ્ત્રકાર મહારાજા ભગવાન **શ્રી ઉમાસ્વાતિ વાચકવર,** ભવ્ય જીવોના ઉપકાર માટે જણાવે છે કે 'આ સંસારમાં દરેક આત્મા અનાદિકાળથી રખડી રહ્યો છેઃ રખડતાં રખડતાં કોઈ ભાગ્યયોગે મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે.' અનાદિ સૂક્ષ્મ નિગોદમાં આ આત્મા અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા શરીરમાં અનંત જીવોની સાથે રહ્યો છે. અનંતા જીવો એકઠા થાય ત્યારે અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું સૂક્ષ્મ શરીર બનાવી શકે. સાથે ઊપજવાનું સાથે આહાર અને સાથે જ શ્વાસોશ્વાસ. એમાંથી અમુક સંખ્યાવાળા આગળ વધી શક્યા, બાકી બધા એમ જ રહ્યા. એક કંપની એક લાખ ભાગીદારનીઃ એમાંથી ૯૯૯૯૯ દેવાળું કાઢે અને એક જ શાહુકાર રહેઃ એટલી નસીબદારી હોય ત્યારે બને. જે વખતે આપણે અનંતકાયમાં હતા, ત્યારે મનુષ્યપણું, ત્રસપણું કે બાદરપણું શી ચીજ હતી એનો ખ્યાલ નહોતો, ત્રસ, બાદર કે મનુષ્યપણાને જાણ્યા વિના એનો વિચાર શી રીતે આવે? અને વિચાર આવ્યા વિના મેળવવાની ઈચ્છા તો થાય જ ક્યાંથી? કાર્ય માલૂમ ન હોય તો એનાં કારણોની ઈચ્છા ન હોય અને કારણ અમલમાં ન મુકાય ત્યાં સુધી કાર્ય ન થાય, સામાન્ય નીતિકારોનો પણ એ નિયમ છે કે કારણ સિવાય કાર્ય થતું નથી. અનાદિ નિગોદમાં અજ્ઞાનપણું હતું, કાર્યકારણ જાણતા નહોતા, એની ઈચ્છા નહોતી, છતાં મનુષ્યપણું મળ્યું કેમ? શાસ્ત્રકારો કહે છે કે એનું જ નામ ભવિતવ્યતા. એ ભવિતવ્યતાના જોરે એકની કાર્યસિદ્ધિ થઈ, બાકીના પડ્યા રહ્યા. **ભવિતવ્યતા શાસ્ત્રકારોએ ક્યાં રાખી? લાકડીના ટેકાથી ચાલવાનું કોને? આંધળાં હોય અગર કેડ ભાંગેલા હોય એને!** યુવાન મનુષ્ય લાકડીને ટેકીને ચાલે તો હાંસી થાય. **જેને કારણની સામગ્રી નથી, એવાને માટે જ ભવિતવ્યતા રાખી છે.** તે મનુષ્યભવ, આર્યક્ષેત્ર, ઉત્તમકુળ, ઉત્તમજાતિ, પંચેંદ્રિય પરિપૂર્ણ, અને દેવગુરુની જોગવાઈ પામ્યા છતાં, ભવિતવ્યતાને વળગે એ હાંસિપાત્ર છે. નિગોદમાં ભવિતવ્યતા સિવાય બીજો આધાર નહોતો, પણ ઉદ્યમ કરવાને લાયક થયા પછી ભવિતવ્યતા પર બેસી ન જવાય.

## ભવિતવ્યતા કેવી છે?

એક મનુષ્ય જંગલમાં ભૂલો પડ્યો, આંખો ગઈ, પાણી પીવા જતાં ઘેનની ચીજ પિવાઈ ગઈ, આગળ ચાલતાં પડી જવાથી ઢીંચણ ભાંગી ગયાઃ આવો મનુષ્ય માર્ગ પર કઈ રીતે આવે? બીચારો જંગલમાં જ મરી જવાનો એમ જ કહી શકાય. એવામાં કોઈ એવો વિદ્યાધર કે દેવતા આકાશમાં જતો હોય, એને દયા આવે અને માર્ગ પર મૂકી દે તો કાંઈ અસંભવિત નથી. આ સાંભળીને ઈરાદાપૂર્વક, જાણીજોઈને તમે જંગલમાં જાઓ, આંખો ફોડો, ઘેનની ચીજ પીઓ અને પગ ભાંગો? નહિ જ. કેઈ દરદીઓના રોગો મટે છે એ ધારીને રોગ ઊભા કર્યા? રોગોને મટતા દેખવા છતાં રોગ ઊભો કરવાને કોઈ તૈયાર નથી. આંધળા, લૂલા અને બેભાનનું માર્ગમાં આવવું થયું તોપણ આપણે આંધળા, લૂલા કે બેભાન થવા તૈયાર નથી. એ તો કદાચ થાય, પણ આ ભવિતવ્યતા તો કાલાંતરે બની, ન બની એવી છે.

## ચૂક્યા એટલે હતા ત્યાંના ત્યાં!

બીજી વાત સૂક્ષ્મ એકેંદ્રિય-નિગોદમાં ફરીને આ જીવ નહિ જ જાય, એવું કોઈએ લખી આપ્યું નથી. પ્રમાદી બન્યા, દેવ-ગુરુ-ધર્મની જોગવાઈ છતાં તેને હારી ગયા, તો આપણે માટે પણ ત્યાં જવાનું બંધ થઈ ગયું નથી. અહીં આવીને પણ ધર્મ, ઉત્તમ માર્ગ કે આત્મકલ્યાણની દિશા ચૂક્યા ને પાછા પડ્યા તો દશા શી? ભગવાન **શ્રી મહાવીરદેવ** જેવા કથક અને ગણધરદેવ **શ્રી ગૌતમસ્વામીજી** મહારાજ જેવા સાંભળનારઃ એમને પણ ભગવાન કહે છે કેઃ- 'સમયમાત્ર પ્રમાદ કરીશ નહિ.' એમને માટે તો નિર્ભયપણું પણ હતું. જેમ શ્રી તીર્થંકરદેવ તે ભવે મોક્ષે જાય, તેમ ગણધર ભગવાન પણ તે જ ભવે નિયમા મોક્ષે જાય, છતાં આવી રીતે રખડી જવાય, એમ એમનેય કહ્યું તો આપણા માટે તો શું કહેવું? દેવ-ગુરુ-ધર્મની આરાધનાથી જે અહીં ચૂક્યા તેને ગબડતાં વાર નથી.

## નરકનિર્દેશકો! ?

મનુષ્યભવ પામીને દેવ-ગુરુ-ધર્મની આરાધના ન કરે, ઊલટી વિરાધના કરે, તે નરક અને નિગોદમાં જાય, એમ કહેનારને-'નરકનિર્દેશકો છે'- એમ કહીને મશ્કરી

ન થાય. ચોરી કરે તે કેદમાં પડે. ચોરી કરનારને જેલની સજા થાય, એ શબ્દોનું દુઃખ કોને થાય? શાહુકારને નથી થતું પણ ચોરને થાય છે.

### નરકનિગોદ બંધ નથી!

શાસ્ત્રવિરુદ્ધ બોલનાર, તીર્થોની આશાતના કરનાર, ગુરુઓની નિંદા કરનાર નરકે જાય, એમ કહેનારને 'નરકના પાસ ફાડનાર'- કોણ બોલે? જે એ ટોળીમાંના હોય તે! જે એ ટોળીમાં ન હોય, તેને તો જરૂર એમ થાય કે જે-ચોરી કરશે તેને જેલ થાય જ. તેવી જ રીતે આત્મકલ્યાણના માર્ગની શ્રદ્ધાવાળો તો કદી જ એમ નહિ કહે કે-'નરકનિગોદનું કહેવું' એ હાંસિપાત્ર છે! આ જીવને નરક-નિગોદનાં દ્વાર બંધ નથીઃ આરાધનામાં ચૂક્યા અને વિરાધનામાં પડ્યા તો એ જ વલે છે.

### ભવિતવ્યતા ક્યાં સુધી?

અનંતાનંત પુદ્ગલપરાવર્ત ગયા ત્યારે ભવિતવ્યતા પાકીઃ કાર્ય કે કારણનું જ્ઞાન, ઈચ્છા કે તત્પરતા નહોતી, છતાં પણ ભવિતવ્યતાના યોગે બધું બની ગયુંઃ બાદરપણામાં આવ્યાઃ છતાં પણ પાછળનું દ્વાર ખુલ્લું હતું તેથી કંઈ વખત પાછા ગયા અને આવ્યાઃ એમ કરતાં કરતાં પંચેંદ્રિય મનુષ્યપણામાં ભવિતવ્યતા લાવી. એકેન્દ્રિયથી ઠેઠ મનુષ્યપણા સુધી લાવવામાં ભવિતવ્યતા સિવાય આપણને કાંઈ સહાયક નહોતું. પરંતુ જેમ આંધળાને બીજો દોરે ત્યાં સુધી શોભા, પણ દેખતાને દોરે તો અપમાન અને તિરસ્કાર જ થાય, તેમ મનુષ્યપણું પામ્યા પછી ભવિતવ્યતા રૂપ લાકડી પકડવા જઈએ તો બેવકૂફ જ બનીએઃ માટે મનુષ્યભવનો સદુપયોગ કરવાની જરૂર છે.

### જાનવરને પાપ ખવાય, મનુષ્યને પુણ્ય!

શાસ્ત્રકાર કહે છે કે આ મનુષ્યજન્મ કેવો? દુઃખનુંય કારણઃ આરાધના નહિ કરતાં વિરાધના કરનારને આ મનુષ્યભવ જ દુઃખનું કારણ છે. વધારે પાપકર્મ કોણ બાંધે? એકી સાથે અનંતો સંસાર ભેળો કરવો, એવા તીવ્ર પરિણામો પશુ કે તિર્યંચોને નથીઃ નરક-નિગોદાદિ અપાવનાર તીવ્ર કર્મબંધો મનુષ્યભવને લીધે બને છે. મનુષ્યભવનો સદુપયોગ ન થાય તો તે ખરેખર ખરાબ છે. એ દૃષ્ટિએ શાસ્ત્રકારો કહે છે કે 'ધર્મની આરાધના નહિ કરનાર મનુષ્ય કરતાં તિર્યંચ થયો હોત તો સારો હતો.' તિર્યંચપણામાં અકામ નિર્જરાથી પાપ ભોગવ્યું અને અહીં મનુષ્યપણું પુણ્યયોગે મળ્યું તે ખવાયુંઃ જાનવરને પાપ ખવાય, મનુષ્યને પુણ્ય ખવાય, **પશુને અકામ નિર્જરાથી દેવલોક મળે** મનુષ્યને દુરુપયોગથી નરકાદિ મળે. મનુષ્યપણાનો દુરુપયોગ કર્યો તો પુણ્યનો ક્ષય છે અને પાપનું ઉપાર્જન છે. એટલા માટે નવગ્રૈવેયક, સર્વાર્થસિદ્ધ કે મુક્તિ પર્યંતના સુખને અપાવનાર મનુષ્યભવને દુઃખનું કારણ પણ શાસ્ત્ર કહે છે. તલવાર પણ શત્રુ કે ચોરને ભગાડનારી અને પોતાનું રક્ષણ કરનારી ક્યારે બને? મૂઠીએથી પકડે ત્યારે! અણીએથી પકડેલી તલવાર હાથ કપાવે, ગળું કપાવે અને માર ખવડાવે, તલવાર એ જ પણ યથાયોગ્ય ઉપયોગ ન કર્યો તો રક્ષકને બદલે ભક્ષક થઈ. તે રીતે આ જ મનુષ્યભવ આરાધનામાં ઉપયોગમાં ન આવે, તો આપણને લૂંટાવનાર ને કપાવનાર થાય.

### મોક્ષમાર્ગે ઊંટ સમાન!

ગર્ભની સ્થિતિ જુઓ તો પણ બિલાડા, ઉંદર, કૂતરા આદિની સ્થિતિ ટૂંકી અને મનુષ્યને નવ મહિના; બીજાને તીર્છું રહેવાનું અને મનુષ્યને રહેવાનું ઊંધે માથે. ઊંધે મસ્તકે નવ મહિના લટક્યા, અંધારી-ગંધાતી કોટડીમાં રહ્યા, ત્યારે મનુષ્યપણું મળ્યુંઃ આ રીતે દુઃખે મળેલો છતાં જરૂરી કેમ? ઊંટના અઢારે વાંકાં છતાં રણની મુસાફરીમાં ઊંટનું જ કામ પડેઃ બીજું વાહન કામ ન આવે. તે રીતે મોક્ષ માટે ભવારણ્યની મુસાફરીમાં મનુષ્યભવ સિવાય, કાંઈ પણ કામ લાગે એમ નથી. સામાન્ય રીતે દેવભવ સારો, પણ જેમ રણમાં હાથી-ઘોડા કામના નહિ, ઊંટ જ જોઈએ, તેમ મોક્ષ માટે મનુષ્યભવ વિના ચાલે નહિ માટે કહ્યું- **'सुलब्धम्'** સારો મળ્યો.

### પશુથી પણ અધમ!

કસાઈની જાતિમાં જન્મવાથી દુર્ગતિનાં કામ કરવાં પડે, અનાર્યજાતિમાં જન્મ પામવાથી જિંદગી સુધી ધર્મનું નામ સાંભળવા ન મળે, ખરાબ કુળ કે જાતિમાં ઊપજેલો જેમ ધર્મ પામે, તેમ જૈન જાતિમાં ઊપજ્યા છતાં જેને નથી દેવ, ગુરુ કે ધર્મની આરાધનાની પડી કે નથી તીર્થની ભક્તિની પડી કે નથી સાધર્મિકવાત્સલ્યની પડી, એ બધા મનુષ્ય છતાં પશુથી પણ અધમ કોટિના છે.

### કોટવાળને કુટિલ કોણ કહે?

જે કહે છે કે તીર્થ જાય તો જવા દેવું, પણ પૈસા વડે રક્ષણ ન કરવું, એમ કહેનાર પૈસાનો પૂજારી છે, પણ ધર્મનો દ્વેષી છે, તીર્થનો વિરોધી છે, મા કે બાયડી

ખોટા કેસમાં હોય એને બચાવવા માટે પૈસા ખર્ચીને માબાપની આબરૂ ન બચાવવી એમ એ બોલશે? નહિ જ. પૈસાથી તીર્થનો બચાવ કરવા કરતાં જવા દેવું બહેતરઃ એ કહેનારના કે એના સાથીઓના પૈસા તીર્થમાં નથીઃ ત્યાં અપાયેલા પૈસા તીર્થનો બચાવ કરવા માટે અપાયા છે અને એ રીતે અપાયેલા પૈસાથી બચાવ થાય, છતાં એમ બોલાય છે એનું કારણ? પણ એ બોલાય એમાં નવાઈ પણ નથી. એમને તો તીર્થ કે દેવ કાંઈ જોઈતું નથી. તીર્થ કે દેવ પ્રત્યે રાગ હોય તો શ્રી તીર્થંકરદેવો માટે બળવાખોર કે એવા એલફેલ શબ્દો બોલાય કે સંભળાય? શ્રી તીર્થંકરદેવોને કોઈની સામે બળવો નહોતો કરવોઃ એમને તો આત્માની ઋદ્ધિ આત્મામાંથી પ્રગટ કરવી હતીઃ છતાં એમને બળવાખોર કહેવાનું કારણ એક જ કે પોતાને બળવો કરવો છે. નહિ તો જીભ કે કલમ ન ચાલે. પંચ મહાવ્રતધારી સાધુઓને પઠાણ શબ્દ કેમ લગાડાય છે? કારણ એક જ. સિપાઈને ગાળ કોણ દે? કોટવાળને કુટિલ કોણ કહે? કહો કે ચોરની ટોળીના હોય તે. પંચ મહાવ્રતધારીઓને પઠાણ કહીને નિંદવા કોણ આવે? જેને પંચ મહાવ્રતની શ્રદ્ધા ન હોય એ જ!

### એક દૃષ્ટાંત

એક શેઠ હતો. તે બજારથી ઘેર ચાલ્યો. સ્ત્રીએ મુખ કરમાયેલું દેખ્યુંઃ પૂછે છે- તમારું મુખ મલિન કેમ છે? ઉત્તરમાં કહે છે કે ગાંઠેથી પડ્યું નથી કે કોઈને દીધું નથી. પણ હું આવતો હતો ત્યારે ફલાણા શેઠે ફલાણાને બે રૂપિયા આપી દીધા. માથાનો પસીનો પગે જાય ત્યારે એક પાઈ પેદા થાય છે, ત્યારે આ તો બે રૂપિયા પારકાને આપી દીધા : માટે મારું મોઢું મલિન થયું છે.

### મનુષ્યપણું સારું કોનું?

તે રીતે જે જીવો ધર્મને માનતા નથી, તે પોતે તો ધર્મ કરવા કોઈ દિવસ તૈયાર નથી, પણ તોડવા જ તૈયાર છે. ગુરુઓને કહે છે મફતનું ખાય છે. રોટલા લઈ ગુલામી કરનાર સાધુઓનો એમને ખપ છે, પણ શાસ્ત્રે ફોકટિયું લેવાનું અને ફોકટનું દેવાનું કહ્યું છે. સાટે લેવાથી કે સાટે આપવાથી સાધુપણું અથવા શ્રાવકપણું રહેતું નથીઃ સાધુઓએ ભિક્ષા કોઈ પણ સાટા તરીકે લેવાની નથી. સાટાખત કરવાનું કામ જૈનશાસનના સાધુઓનું નથી. સાધુને દેવાવાળા **'મુધાદાયી'** છે અને લેવાવાળા **'મુધાજીવી'** છે. પણ એ પરમાર્થવૃત્તિ, નિરાશ્રવ સ્થિતિ અને નિર્બંધ અવસ્થા રુચતી નથી, તેથી કહે છે - 'મફતનું ખાય છે.' ઓચ્છવ, મહોત્સવ, સેવા, પૂજા, પ્રભાવના, એ આડંબર રૂપ સૂઝે છેઃ એમ માનીને પોતે નથી કરતા એમ નહિ, પણ બીજાય જો તીર્થની ભક્તિ કરે, સાધુપણું લે, ઓચ્છવ-મહોત્સવ કરે, એમાં પણ એમનાં મુખ મલિન થાય છે. પોતાને ધર્મ સૂઝે નહિ, બીજા કરે એ ગમે નહિ, એવાને મનુષ્યપણું સારું મળ્યું કહેવાય નહિ. મનુષ્યપણું એનું જ સારું કે જે સમ્યગ્દર્શને શુદ્ધ એવું સમ્યગ્જ્ઞાન પામે અને એ બંનેથી શુદ્ધ એવી વિરતિ પામે! એ ત્રણે રત્નોને પામનાર જે આત્મા હોય, તેને જ મળેલું મનુષ્યપણું સારું પામેલું કહેવાય, એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર શું છે? એની ઓળખાણ હવે પછી-

પૂજ્યપાદ **સાગરાનંદસૂરીશ્વરજી મહારાજશ્રીએ** કરેલા આટલા વિવેચન બાદ, પોરિસિ ભણાવવાનો વખત થતાં ભણાવાયા બાદ, આજ્ઞાનુસાર પૂજ્યપાદ વ્યાખ્યાનવાચસ્પતિ પંન્યાસપ્રવર **શ્રીમદ્ રામવિજયજી ગણિવરે** કરેલા મનનીય પ્રવચનનું સારભૂત અવતરણઃ-

### માનવજીવન ક્યારે મહત્ત્વનું?

અત્યાર સુધીમાં મનુષ્યજન્મની પ્રાપ્તિ એ જીવોને કેટલી દુર્લભ છે તે અને એ દુર્લભ એવા માનવજીવનની પ્રાપ્તિ પછી તેની સફળતા માટે શું શું કરવું જોઈએ, એ સામાન્ય રીતિએ (પૂ. સાગરાનંદસૂરીશ્વરજી) મહારાજા તરફથી બતાવવામાં આવ્યું. એ ઉપરથી વિચારવાનું એ જ હોય કે જ્યારે આપણને મળેલા મનુષ્યભવની આટલી બધી મહત્તા અનંતજ્ઞાની મહાપુરુષો ફરમાવે છે, ત્યારે તેવી મહત્ત્વની વસ્તુને પામીને, જેમ કહેવામાં આવ્યું તેમ પ્રમાદી બનીને નિષ્ફળ કરી નાંખીએ, તો એ ખરેખર આપણું દુર્ભાગ્ય ગણાયઃ માટે કોઈ પણ રીતિએ આવું કીમતી માનવપણું કે જેને અનંતજ્ઞાનીઓએ પણ પ્રશંસ્યું છે અને સંસારરૂપ અટવી પાર ઉતારવા તે જ એક સમર્થ છે, તેને પામીને પ્રમાદી નહિ બનતાં, જ્ઞાનીઓની આજ્ઞા મુજબ જીવનને જીવીને, તેની સફળતા સાધી લેવી રહી. જો એ ન સધાય તો જેને આવી ઉત્તમ સામગ્રી નથી મળી તેના કરતાં આપણી સ્થિતિ કફોડી થઈ જાય.

### જીવન સફળ ક્યારે?

એમ પણ ફરમાવવામાં આવ્યું કે આ જીવનમાં ધર્મની આરાધના ન થઈ તો પછી એ માનવપણા કરતાં

તિર્યંચપણું સારું. એ શબ્દો પણ જેઓને હૃદયમાં ન ખૂંચે અને કોઈ પણ જાતિની ચાનક ન લાગે, તો તો કહેવું જોઈએ કે માણસ થવા છતાં માણસાઈ હજી સુધી આવી નથી. અહીં જે ભાર દઈને કહેવાય છે, તે સાંભળનારનું અહિત કરવા માટે, ઉતારી પાડવા માટે કે દુઃખી કરવા માટે કહેવામાં નથી આવતું: પરંતુ આત્મા પ્રમાદમાં પડ્યો હોય, કર્ત્તવ્ય વીસરી ગયો હોય, તો જાગૃત થાય અને જીવનને સફલ કરવા પ્રયત્નશીલ બને, એ જ એક હેતુ છે. એ હેતુને પાર પાડવા માટે રત્નત્રયીની પ્રાપ્તિ જરૂરી છે. એની પ્રાપ્તિ વિના જે માનવભવ ખપી જાય, એની કશી જ કીમત નથીઃ એટલું જ નહિ પણ એ આત્મા ઘણો જ અધોગતિને પામી જાય એવો મોટો સંભવ છે. ઊંચામાં ઊંચું સાધન પામ્યા છતાં પણ, આત્માની ઉન્નતિ થાય એવી કાર્યવાહીને બદલે અધઃપતનની કાર્યવાહી થાય, તો ઘણું જ શરમાવનારું ગણાય. એ સ્થિતિ ન આવે માટે પૂર્વના કે વર્તમાન કાળના ઉપકારીઓ એ જ ફરમાવે છે કે-'મનુષ્યજીવનને નિષ્ફળ અને નુકશાનકારક ન બનાવવું હોય, તો સમ્યગ્દર્શનથી શુદ્ધ બનેલું જ્ઞાન અને એ ઉભયથી અનુપમ બનેલું એવું ચારિત્ર, તેની પ્રાપ્તિ માટે અવિરત પ્રયત્નશીલ બનવું જોઈએ.'

### સમ્યગ્દર્શનનો પ્રભાવ

સમ્યગ્દર્શન એ પાયો છે. એના પર શ્રી જિનેશ્વરદેવના ધર્મપ્રાસાદનું મંડાણ છે. જેઓ એ પાયાને મજબૂત નથી બનાવતા, તેઓ ધર્મપ્રાસાદને સ્થિર કરી શકતા નથી અથવા ધર્મપ્રાસાદમાં જીવન ગુજારી શકતા નથીઃ અને માટે જ સૌથી પ્રથમ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે અખંડ પ્રયત્ન આરંભવા જોઈએ, એ પ્રયત્ન અખંડ ચાલુ રહે તો સમ્યક્ત્વ કોને કહેવાય, સમ્યગ્જ્ઞાન ક્યારે થાય અને સમ્યક્ ચારિત્ર પામ્યા પછી આત્માની કેવી દશા થાય એ સમજાયઃ એ પામ્યા પછી ભયંકર સંસારને પણ કઈ રીતે એ આત્મા સુખમય બનાવી શકે છે અને આત્માનું દબાઈ ગયેલું અનંતસુખ કઈ રીતે પેદા કરી શકે છે, એ બધું સહેલાઈથી સમજી શકાયઃ અનુભવી શકાય!

### જૈન કોણ?

જે સમ્યગ્દર્શનને શ્રી જિનશાસનનો પાયો માન્યો, આધાર કલ્પ્યો, તેની પ્રાપ્તિ માટે-એના સ્વરૂપને સમજવા માટે, અગર એના મર્મને જાણવા માટે કોઈ પણ જાતિના પ્રયત્ન ન થાય, તો જૈનપણું આવે જ ક્યાંથી? અને 'જૈન' તરીકે પિછાનાતા સમાજનો વાસ્તવિક અભ્યુદય પણ શી રીતે થાય? જૈનપણું, એ જાતિ કરતાંયે ગુણને વધુ અવલંબે છે. આપણે જૈન તેને જ કહીએ છીએ કે-જે આત્મા, શ્રી જિનેશ્વરદેવ અથવા વીતરાગ પરમાત્માના શાસનનો અનુયાયી બનેઃ જેને વીતરાગ પ્રત્યે સદ્ભાવ ન જાગે, વીતરાગની આજ્ઞા પ્રત્યે પ્રેમ ન જન્મે અને વીતરાગની આજ્ઞા ખાતર સર્વસ્વ તજી દેવું જોઈએ એવી ભાવના ન જન્મે, તે આત્મા વાસ્તવિક રીતિએ જૈનપણાને પામી શકતો નથી.

### ભયંકર કમનશીબી-

દુનિયામાં જૈન તરીકે જીવવું હોય, જૈન તરીકે જીવવાની ભાવના જન્મી હોય અને એમાં જ આત્માની સાચી મહત્તા સમજાઈ હોય, તો આપણે કઈ ભાવનાના પૂજારી બનવું જોઈએ? કોની પૂંઠે પ્રયાણ કરવું જોઈએ? અને જીવનને કઈ રીતે જીવવું જોઈએ - એ નક્કી કરવું પડશે. ક્રોડો યા અબજોની મિલકત કે મોટી શહેનશાહત મેળવી લેવાથી જૈન છીએ એવું કોઈ જ નહિ માનેઃ જૈન જાતિમાં જન્મેલા અને જૈન ધર્મને પાળનારા જૈનો બંગલાઓમાં વસે છે, તેમ એ ધર્મને નહિ પામેલા પણ વસે છેઃ દુનિયાના પદાર્થોની પ્રાપ્તિ ઈતરો પાસે પણ છે. અમે વસીએ છીએ તે શહેર બહુ મોટું છે, એનું નામ પણ સુંદર છે, ત્યાં અમારા બંગલા-પેઢીઓ-વિગેરે ઘણું છે, સેંકડો માણસો અમારે ત્યાં નોકરી કરે છે અને જ્યાં જઈએ છીએ ત્યાં અમે માનપાન મેળવીએ છીએ, એમ કહેવાથી કોઈ જૈન તરીકે ઓળખી લે એમ માનો છો? શું બતાવીએ તો સામા આપણને જૈન તરીકે સ્વીકારે? જૈન તરીકેની છાપ પાડવા માટે ચોવીસે કલાક કઈ જાતિના વિચારો અને કયી જાતિની પ્રવૃત્તિ હોવી ઘટે, એવા વિચારો જરૂરી ન મનાય, ત્યાં સુધી ઉપકારીઓ ઉપકાર કરવા મથે તો પણ ન જ થાય ને? જૈન તરીકે જીવવા માટે જૈન બનવા માટે જરૂર દુનિયા કરતાં કાંઈક નવું કરવું પડશેઃ એ ન કરી શકીએ તો કદી જ જૈનશાસન સમજી શકીએ નહિ, પામી શકીએ નહિ કે તેને આરાધી શકીએ નહિ. એટલા માટે પૂર્વના મહાપુરુષોના જીવનનો સારામાં સારી રીતિએ અભ્યાસ કરવો જોઈએઃ જ્ઞાનીઓનો પૂરો પરિચય કરવો જોઈએઃ અને એને સમજવા બધી શક્તિઓ ખર્ચવી જોઈએ. અને જો એ રીતે જૈનપણું સમજાઈ જાય, જીવનમાં ઉતારવા થોડાય પ્રયત્નો થઈ જાય, તો પણ મનુષ્યભવ સફળ થઈ ગયોઃ એ આત્મા નિયમા મુક્તિગામી તરીકે

જ્ઞાનીઓની દૃષ્ટિએ નિશ્ચિત થઈ ગયોઃ જે આત્માની અત્યાર સુધી ગણના કે કીમત નહોતી તે ગણના થઈ ગઈ.

જૈનપણું પામેલા અનંતા આત્માઓ નિગોદમાં પડ્યાં છે, છતાં? જ્ઞાનીઓ કહે છે કે એમની ગણના થઈ ગઈ છેઃ સંસારથી એ આત્માઓ તરવાના છેઃ અર્ધપુદ્ગલ પરાવર્તમાં નિયમા મુક્તિએ જવાના છે. એકવાર પામી ગયા પછી નિગોદમાં ચાલી ગયેલા આત્માઓને પણ અનંતજ્ઞાનીઓએ મહોરછાપ મારી આપી છેઃ એકવાર જે વસ્તુ પામી જવાથી અનંતજ્ઞાનીઓ જેની ગણના કરી લે-મહત્તાને સ્વીકારે, પછીથી સંસારમાં કોઈ એવી વસ્તુ નથી કે જે અધિક કાળ સુધી એ આત્માને દુઃખી કરી શકેઃ નિગોદ કે સંસાર વધારે કાળ હવે તેને સંગ્રહે નહિઃ અર્ધપુદ્ગલ પરાવર્તમાં અવશ્ય છૂટો થઈ જાયઃ આટલી ખાત્રી જ્ઞાનીઓ જે જૈનત્વની પ્રાપ્તિ થવા માત્રથી આપે, એ કેટલી મહત્ત્વની ચીજ છે? જૈનકુળમાં જ જન્મ્યા છતાં અને 'અમે જૈન છીએ'-'એમ જાતે કહેવડાવવા છતાં,'- 'જૈનપણું શું છે?' - એ સમજાય નહિ કે સમજવાની ભાવના સરખી ન જાગે, એ ભયંકર કમનશીબ જ છે! કુલીન કોણ કહેવાય? કુલવટ કોનું નામ? ઉત્તમ જાતિ કે ઉત્તમ કુળ કોને ફળે? વિચારહીનને નહિ જ.

## ફળ્યું કે ફૂટ્યું?

આજે તો શ્રી જિનેશ્વરદેવના શાસનના આચારથી વિપરીત વર્તન કરતો જોઈને, કોઈને સહેજ શિખામણના બે શબ્દો કહી દઈએ, તો કહે કે 'એ ટાયલા જવા દો! એવી રીતે કહેવાના જમાના વહી ગયા!!' જૈનપણાનું ભાન કરાવનારી ક્રિયાઓ, જૈનપણાનો ખ્યાલ કરાવનારી પ્રવૃત્તિઓ અને હૃદયમાં જૈનત્વને જાગૃત કરનારી વસ્તુઓ તેમ જ જૈનત્વની ખીલવટ કરનારી સામગ્રીઓ વિગેરેને જોઈને, જે આત્મા આનંદ પામવાને બદલે બળી ઊઠે અને ઊલટો પૂર્વપુરુષ ઉપર કટાક્ષ કરવા તૈયાર થઈ જાય, એને જૈનજાતિપણું ફળ્યું કહેવાય કે ફૂટી નીકળ્યું કહેવાય? આબુજીની કોરણી જોવા જેને અનાર્યો માનો તે આવેઃ અનિમેષ નયણે જુએઃ સ્તબ્ધપણે જોયા કરેઃ પૂછે કે 'કોણે કીધું? શા માટે કીધું?' સાંભળે કે 'દેવની ભક્તિ માટે!' ત્યારે એને સહેજે થાય કે- 'ક્યા દેવ?' અંદર જાય છેઃ પ્રભુની અલૌકિક મૂર્તિ જોઈને ટોપો ઉતારે છેઃ અને પોતાના દેશમાં જઈને કહે છે કે 'જૈનો જેવી દેવભક્તિ ક્યાંય ન જોઈ. ભક્તિ માટે કેટલા ઉદાર!'

## મળ્યું ખરું પણ ફળ્યું નહિ ને?

શ્રી જિનેશ્વરદેવના ભક્તોને મન લક્ષ્મી અસાર છે તુચ્છ છેઃ એના ભોગે એ પોતાના તારકની ભક્તિ કરવામાં જીવનની સફળતા સમજે છે. 'એક મંદિરમાં મૂર્તિ બેસાડતાં અઢળક લક્ષ્મી ખર્ચે છે.' - એ જાતિની અસર એ લઈ જાય. જ્યારે જૈનજાતિમાં જન્મેલા પણ ઉચ્છૃંખલ બનેલા પૈકીના કોઈને, કદાચ પકડીને પણ એ સ્થળે લઈને જવામાં આવ્યો હોય, તો જેમ જેમ એની દૃષ્ટિએ કોરણી દેખાય, તેમ તેમ આંખોમાં મરચાં ખરે! ઝટ બોલી ઊઠે કે- 'આ રીતે જૈનોએ પૈસાનું ઘણું પાણી કર્યું!!' આ આત્મા જૈનપણું પામશે? નાટકચેટકમાં કલાકો ગાળનારા અહીં પાંચમિનિટ નહિ ગાળે અને બોલી ઊઠે છે કે-'નિર્જીવ વસ્તુની સેવાથી લાભ શો?' બનાવટી વસ્તુને માની લે, નાટકમાં પચીસ રૂપિયાના પગારદારને રાજા માની લેઃ અને શ્રી જિનેશ્વરદેવનો સાક્ષાત્ ખ્યાલ કરાવતી, અંગે અંગમાંથી વીતરાગતા ખરાવનારી અને દેખતાં જ શાંતરસમાં ઝિલાવનારી એવી પ્રભુપ્રતિમા પાસે જેની આંખ ન ચોંટે, એને ઉત્તમ દેશ, જાતિ કે કુલ ફળ્યું એમ શી રીતે કહેશો?

## શું બતાવવું છે?

જે પામવાથી સંસાર નિયત થાય છે, ભયંકર છતાં મનોહર બને છે અને દુઃખમય છતાં સુખમય બની જાય છે, તે જૈનપણું પામવા અને પમાડવા કઈ જાતિના પ્રયત્ન કરવા જોઈએ તે હું બતાવવા માગું છું. શ્રી શ્રેણિક રાજાના પુત્ર અને મંત્રી શ્રી અભયકુમાર સાથે મૈત્રી બાંધવા માટે, અનાર્ય દેશના પાટવી આર્દ્રકુમારે હીરા, માણેક અને પન્નાની ભેટ મોકલી અને અભયકુમારે શું કર્યું?

## દુઃખ શાનું છે?

જ્ઞાનીઓ કહે છે કે-'દુઃખ શાનું છે? બેકારીની બૂમ શાથી છે?' પાપ, અન્યાય, અનીતિ, પ્રપંચ, લોભ, ઈર્ષ્યા વધ્યાં એ જ કારણે ને? અને- 'જગતમાં પારકાનું લૂંટી લેવાની વૃત્તિ જાગી એથી જ ને? 'દુઃખી છીએ' - એમ બૂમ ન મારો, સુખના ઉપાય લો. લૂંટ પાડ્યે સુખ નહિ મળેઃ લૂંટ પાડ્યે આવેલી લક્ષ્મી તો હાથમાં કડી પહેરાવશે. એવી લક્ષ્મી મેળવવાનું પ્રયોજન શું છે? એના કરતાં પરિણામે અનંતા સુખને પમાડનાર જૈનપણાને પામવા પ્રયત્ન કરવો, એમાં શી હાનિ છે?

(ક્રમશઃ)

# શ્રી સંઘનું સ્વરૂપઃ

- **અહિંસા, સત્ય અને સંયમ કોઈ એવી વસ્તુ નથી, કે જે સદ્ગુરુની નિશ્રા વિના કલ્પના માત્રથી જ સમજી શકાય અને આચરી શકાય.**
- **રાજ્ય કરવું કે નહિ, ગૃહસ્થાઈ કરવી કે નહિ, અમુક હોદ્દા પર બેસવું કે નહિ, એ બધું કહેવા જૈનશાસન બંધાયેલું નથી.**
- **જૈનશાસન તો સાફ સાફ કહે છે કે – 'સંસાર અસાર છે, આયુષ્ય ચંચલ છે, જગતના પદાર્થો અનિત્ય તથા આત્માથી પર છે, માટે સર્વવિરતિ થવું જોઈએ, એ ન થવાય તો દેશવિરતિ થવું જોઈએ અને તે પણ ન થવાય તો સમ્યગ્દષ્ટિ વગેરે થવું.**

## (૨૩)

(ગતાંકથી આગળ)

કારણકે એવા પંડિતમન્યોનું કોઈ ખાસ એક ધ્યેય નથી હોતુંઃ તેમજ તેઓને વસ્તુનું ભાન કે હિતાહિતનો વિચાર નથી હોતો. તેઓ તો બધી જ વાતમાં પોતાની જ મતિને જ પ્રધાન માની આપ્ત કે આપ્તવચનને માનવાની સ્થિતિમાં જ નથી રહેતા. આવાઓનો સંસર્ગ એ ખરે જ પાપસંસર્ગ છે. જેઓ દરેક વાતમાં વસ્તુના સ્વરૂપને સમજ્યા વિના શિષ્ટ પુરુષોની પણ અવગણના કરે, તેઓ કદી જ તાત્ત્વિક માર્ગને પામી શકતા નથીઃ એટલે અહિંસાના નામે હિંસા, સત્યના નામે અસત્ય અને સંયમના નામે જ અસંયમને આચરે છે. 'અહિંસા, સત્ય અને સંયમ કોઈ એવી વસ્તુ નથી, કે જે સદ્ગુરુની નિશ્રા વિના કલ્પનામાત્રથી જ સમજી શકાય અને આચરી શકાય.' આ સત્ય અને એકાંત હિતકર શિક્ષા 'અંતર અવાજ' ઉપર જીવનારાઓને ઘણી જ વિષમ લાગે છે અને એથી જ તેઓ અનાયાસે પણ ઉન્માર્ગે ચઢી જાય છે અને અનેકને ચઢાવી દે છે.

અલ્પ સંસારી આત્માઓ કદી જ દુરાગ્રહી નથી હોતા અને એ જ કારણે તેઓ અતિશય અલ્પજ્ઞ હોવા છતાં પણ સહેલાઈથી સન્માર્ગ પામી જાય છે. તમે સાંભળ્યું છે કે-શ્રી અષ્ટાપદ પર્વત ઉપર ચઢવા માટે પંદરસો તાપસો તપશ્ચર્યા કરતા હતા, તે છતાં પણ ચઢી શકતા નહોતા. ઉપવાસનો તપ કરનારા પાંચસો પ્રથમ પગથીયે અટક્યા હતા, છઠનો તપ કરનારા પાંચસો બીજે પગથીયે અટક્યા હતા અને અઠ્ઠમનો તપ કરનારા પાંચસો ત્રીજે પગથીયે અટક્યા હતા. તે તાપસોએ જ્યારે દૂરથી **ભગવાન શ્રી ગૌતમસ્વામીજીને** આવતા જોયા, ત્યારે તેઓને એમ થયું કે-આટલો આટલો સમય સુધી તપ કરવા છતાં જો આપણે નથી ચઢી શકતા, તો આ-કે જે શરીરે મજબૂત છે, તે કેમ ચઢી શકશે? પણ **ભગવાન શ્રી ગૌતમસ્વામી** તો લબ્ધિના બળથી ચઢી ગયાઃ એ જોઈને એ પંદરસોય તાપસોને એમ થયું કે-'જરૂર આ કોઈ અદ્ભુત શક્તિસંપન્ન મહાત્મા છે, માટે હવે તો એમનું જ શરણ!' એ મહાપુરુષના શરણે ગયેલા તેઓ એ મહાપુરુષના પહેલાં કેવળજ્ઞાન પામી ગયા. જો તે તાપસો 'કોઈ ઈંદ્રજાલિયો હશે!' એમ કહેત અને શરણે ન જાત તો રખડી મરત. આથી જ આપણે કહેવું પડે છે કે-'આપમતિ' નો દુરાગ્રહ છોડી આપ્તવચનરૂપ આગમનું શરણ સ્વીકારવું-એ જ શ્રેયસ્કર છે.

### સુબુદ્ધિ નથી માટે તો છતે સાધને ભટકો છો!

આપમતિને દૂર કરી અનંતજ્ઞાનીના શાસનને સ્વીકારનારના અંતરમાં અયોગ્ય પ્રશ્નો ઊભા થવાનો સંભવ જ નથી રહેતો. પાપપ્રવૃત્તિને પાપપ્રવૃત્તિ તરીકે સ્વીકારવાની સરલતા પણ જેના અંતરમાં ન હોય, તે પોતામાં જૈનત્વ હોવાની વાતો કરે-એ વંધ્યાને પુત્ર હોવાની વાતો કરનારા છે. આવા માણસો વાત વાતમાં એવું ધ્વનિત કરે છે કે- 'શું અમારામાં બુદ્ધિ નથી?' આ પ્રશ્નના ઉત્તરમાં આપણે એ જ કહેવું પડે તેમ છે કે- 'સુબુદ્ધિ નથી, માટે તો છતે સાધને ભટકો છોઃ અન્યથા તમારી આ દશા હોત જ શું કામ?' તમારી દષ્ટિએ એક ઈતિહાસકાર સાચો અને કેવલ નિઃસ્પૃહપણે ઉપકાર કરનારા શાસ્ત્રકારો ખોટા? મહિને સો રૂપિયા લઈને એક બે આર્ટીકલ લખનારા સાચા અને ઘરબાર મૂકી ત્યાગી થઈ એકાંત ઉપકાર કરનારા ખોટા!! આવી

દષ્ટિવાળા તમે તમારી જાતને કઈ રીતિએ સુબુદ્ધિવાળા માનો છો?

જે સીટે મરજી મુજબ બેસવું છે ત્યાં પૂછવું શું? રાજ્ય કરવું કે નહિ, ગૃહસ્થાઈ કરવી કે નહિ, અમુક સીટે બેસવું કે નહિ, એ બધું કહેવા જૈનશાસન બંધાયેલું નથી. જૈનશાસન તો સાફ સાફ કહે છે કે -'સંસાર અસાર છે, આયુષ્ય ચંચલ છે, જગતના પદાર્થો અનિત્ય તથા આત્માથી પર છે, માટે સર્વવિરતિ થવું જોઈએ, સર્વવિરતિ ન થવાય તો દેશવિરતિ થવું જોઈએ અને તે પણ ન થવાય તો સમ્યગ્દૃષ્ટિ વિગેરે થવું;' જે શાસન એ પ્રમાણે સ્પષ્ટ કહે, તે શાસનમાં 'હું રાજા વિગેરે થઉં કે નહિ?' આવા આવા પ્રશ્નો કરવા એનો અર્થ શો? જેને રાજ્યાદિકનો લોભ ન છૂટતો હોય, ભોગની ગુલામી ગમતી હોય, તેનું તે જાણેઃ પણ એ વાતોના અહીં પ્રશ્ન શા?

## જૈનપણું ક્યારે ટકે?

*સભા૦ આવું આવું કોણ પૂછે છે?*

જૈન ધર્મ પ્રકાશમાં સોલિસિટર મોતીચંદ ગીરધર કોઈ વ્યક્તિની ઓથમાં રહીને પૂછે છે! એમના જેવા માણસો સિવાય સાધુપુરુષોની છૂટથી આવગણના બીજું કોણ કરે? છૂટથી સાધુપુરુષોને નિંદવાનું કામ બીજાઓ પ્રાયઃ ન કરી શકે!

એ વાત સાચી છે કે-શ્રી જૈનશાસનમાં થયેલા મહારાજા **શ્રી કુમારપાલ રાજા** છતાં, **શ્રી વસ્તુપાલ, તેજપાલ તથા વિમલશા મંત્રિવર** છતાં, એમનું જૈનત્વ કેમ ન ગયું?' - જવાબ એ છે કે- 'મહારાજા **શ્રી કુમારપાળ** રાજા હોવા છતાં પણ તે પુણ્યાત્મા 'રાજ્ય એ જ સર્વસ્વ છે, રાજ્યમાં કલ્યાણ છે, બધાએ રાજ્ય કરવું જ જોઈએ'- આમ નહોતા કહેતા કે નહોતા માનતા. **મંત્રીશ્વર વસ્તુપાળ, તેજપાળ** તથા **વિમળશા** પણ એ પદવીને વખાણતા નહોતા. **ભરત મહારાજા** તો પ્રભુના શાસનમાં પહેલે નંબરે છે ને! એ શાથી? છ ખંડના માલિક હતા માટે? નહિ જ, કારણ કે-જ્યારે **શ્રી બાહુબલિજી** સાથેના યુદ્ધમાં હાર્યા ત્યારે તેઓએ સ્પષ્ટ સ્પષ્ટ કહ્યું છે કે-'રાજ્ય એ સંસાર રૂપી વૃક્ષનું બીજ છે, એમ જે ન માને તે અધમ છે અને તેઓમાં પણ હું અધમ છુંઃ કારણ કે-જાણવા છતાં પણ છોડી શકતો નથી.' આ ભાવનાના યોગે જ એ જૈન કહેવાણા. 'ગાદીએ બેસું કે નહિ?' - એવું એ પ્રભુને કે પ્રભુના મુનિને પૂછવા નહોતા ગયા અને જ્યારે **ભરત મહારાજાના** અઠ્ઠાણું ભાઈઓ પૂછવા ગયા, ત્યારે ભગવાને જુદી જ વાત કહી અને તે એ કે-

**''संबुज्झह किं न बुज्झह, संबोही पेच्च दुल्लहा ।''**

'તમે બોધ પામો, કેમ બોધ નથી પામતા? સંબોધિ એટલે શ્રી જિનેશ્વરદેવના માર્ગની પ્રાપ્તિ ફરી ફરીને દુર્લભ છે.' આ રીતે અનેક પ્રકારે ઉપદેશ આપી એ અઠ્ઠાણુંય પુત્રોને રાજ્યાદિકનો ત્યાગ કરાવી પરમ સંયમધર બનાવ્યા. આથી સ્પષ્ટ જ છે કે- જેઓ રાજ્યાદિ સમગ્ર સંસારને ત્યાજ્ય માને અને એક મુક્તિના જ ઈરાદે સંયમધર થાય અગર સંયમને ઉપાદેય માને તેનામાં જ જૈનત્વ ટકે. સંસારને ઉપાદેય માની રાજ્યાદિની પ્રાપ્તિમાં ઉદય માનનારા અને સંયમ આદિનો રાજ્યાદિની પ્રાપ્તિ માટે ઉપયોગ કરનારા જૈનત્વથી ઘણા જ દૂર છે! એવાઓએ 'જૈન' અને તે પણ 'જાણકાર જૈન' હોવાનો દાવો કરી જૈનત્વને ટકાવવાના પ્રશ્નો કરવા એ એક જાતની જાળ બીછાવવા જેવું નથી શું? અને એક જાળને અખંડિત રાખવા માટે સાધુપુરુષોને અજ્ઞાન તરીકે ચીતરવા એ ભયંકર નીચતા ખરી કે નહિ? અને સાધુપુરુષોને આરંભના અખતરાઓ કરવાના પ્રશ્નો કરવા એ 'અબુધ ચક્રવર્તિતા' છે, એમ કહેવું શું વધારે પડતું છે!!! સાધુપુરુષો આગળ મહાવ્રતોની, અણુવ્રતોની, સમ્યગ્દર્શનની અને માર્ગાનુસારિતાદિકની ચર્ચા કરવાને બદલે, જાણકાર જૈન કહેવરાવીને કોઈ જુદી જ ચર્ચાઓ ઊભી કરવી, એ શું નાની સૂની અજ્ઞાનતા છે? જૈનત્વ તે પાપના વિરામમાં છે કે પાપની પ્રવૃત્તિમાં છે? સર્વવિરતિ, દેશવિરતિ અને સમ્યગ્દર્શનમાં જૈનત્વ છે કે રાજ્યાદિની પ્રવૃત્તિમાં જૈનત્વ છે? જેમાં જૈનત્વ છે, તેની તો ચિંતા જ નહિ અને આડીઅવળી ચર્ચામાં રસનો પાર નહિ-એ જ જૈનત્વનો અભાવ સૂચવનાર વસ્તુ છે.

## જૈનદર્શન કોઈને મારવાનું કહેતું જ નથી!

ખરેખર, વાદ પણ તત્ત્વના અર્થીની સાથે થઈ શકે છેઃ નહિ કે વિતંડાવાદી સાથે! શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં ધર્મ માનનારા કોઈ પણ જીવને મારવાની છૂટ શાસન પાસે માગે એ ઓછી તાજ્જુબીની વાત છે? 'હિંસાની છૂટ છે કે નહિ?' - આ પ્રશ્નને જ શ્રી જિનેશ્વરદેવના શાસનમાં સ્થાન નથી. પાપ માત્રનો અભાવ કરવા સર્જાયેલા જૈનદર્શનમાં કોઈને પણ મારવાની છૂટ કેમ હોય? હા, સર્વની રક્ષા કરવાનું વિધાન શ્રી જૈનદર્શનમાં છે. માટે 'મારવું એ પાપ છે પણ છૂટતું નથી' - એમ કહે તો હજી પણ જૈનત્વ ટકે. પણ 'મારવાની છૂટ છે કે નહિ?' એમ પૂછે ત્યાં શું? જૈનધર્મ કોઈને મારવાનું, કે પાપકંપનીઓમાં જોડાવાનું કે એવું એવું કંઈ કહેતું જ નથી. એ તો કહે છે કે-સંસારથી છૂટવામાં ધર્મ છે! સંસારમાત્રને શ્રી જૈનદર્શન ખોટો કહે છે. માતાપિતાના મોહને પણ ખોટો

માનવાનું કહે છે! રાગદ્વેષને સર્વ પ્રકારે તજવાનું કહે છે. કોઈ 'દેશવિરતિને તો દુશ્મનને (અપરાધીને) મારવાની છૂટ છે!' - આમ કહે એને એમ કહેજો કે- એ છૂટ જૈનદર્શનની નથી, પણ સર્વવિરતિના સ્વીકાર માટે અશક્ત એવા દેશવિરતિ થનારે એ છૂટ રાખી છે.

આથી જ ગમે તેવા પણ ગૃહસ્થધર્મને સાધુધર્મરૂપ મેરુની આગળ, સરસવના દાણાની ઉપમા આપી છે. જો દુનિયાદારીમાં જોડનારી ક્રિયાઓમાં ધર્મ જ હોત તો જ્ઞાની પુરુષો એક સામાન્યમાં પણ સામાન્ય સાધુના ધર્મને મેરુની ઉપમા આપી ઊંચામાં ઊંચા ગૃહસ્થના ધર્મને પણ સરસવની ઉપમા શું કામ આપત? વધુમાં ઊંચા પણ ગૃહસ્થને ઉપકારી પુરુષોએ તપાવેલા લોઢાના ગોળાની ઉપમા આપી છે, કારણ કે-તે ગમે તેવો પણ સદાને માટે છએ કાયના જીવોની વિરાધનાજ કરનારો છે. એની એક પણ વ્યાવહારિક પ્રવૃત્તિ છ કાયાની વિરાધના વિના શક્ય નથી. આ જ કારણે ઉપકારી પુરુષોએ કહ્યું કે-**દેશવિરતિધર પણ જો સર્વવિરતિની લાલસા ન ધરાવે, તો તેની દેશવિરતિ પણ સાચી નથી.**

## ભોળાઓને ફસાવવાની જાળ?

પણ આજે તો એવા પણ દુનિયાદારીની પ્રવૃત્તિમાં મૂંઝાયેલા પડ્યા છે, કે જેઓ પોતાની મહત્તા જાળવવા માટે 'આજે કોઈ ગુરુ નથી અને હું જે કહું તે અનુભવસિદ્ધ કહું છું.' - આ પ્રમાણે કહેતાં પણ અચકાતા નથી. ખરેખર, આ એક જાતની ભોળાઓને ભમાવવાની ચાલબાજી છે. આવી ચાલબાજીથી જેઓ જનતાને ભમાવી દેવ, ગુરુ અને ધર્મથી વંચિત બનાવવાના પ્રયત્નો કરે છે. તેવા સ્વાર્થી આત્માઓ ખરેખર જનતાને ફસાવવાનો પ્રયત્ન કરનારા છે. 'ધર્મપ્રિય' ની મૂંઝવણના નામે મૂંઝવવાની કાર્યવાહી કરવી અને પોતાની સ્વાર્થસિદ્ધિ માટે જનતાને સાધુપુરુષોના સંસર્ગથી અલગ કરવાનો પ્રયત્ન કરવો, એના જેવી બીજી કઈ ભયંકર અધમતા હોઈ શકે? અને જનતાના શ્રેય માટે એવી અધમતાનો ઘટસ્ફોટ કરવો એના જેવી એક પણ ઉત્તમતા નથી. અધમ આત્માઓની અધમતાનો ઘટસ્ફોટ કરવામાં આવતી ગમે તેવી પણ આપત્તિને સહી લેવા માટે કલ્યાણની કામનાવાળાઓએ સજ્જ જ રહેવું જોઈએઃ પારધીઓ જેમ માછલાઓને પકડવા જાળ બીછાવે છે, તેમ અધમ આત્માઓ પણ જાળ બીછાવે છે. વાતોમાં પ્રથમ તો એવી વૈરાગ્યની વાતો છાંટે કે સામાન્ય આત્મા તો અંજાઈ જ જાય, પણ પરીક્ષક તો એકદમ પરખી જ લ્યે. સાચા ઝવેરીને 'સાચું મોતી ક્યું અને એબીચલ મોતી ક્યું?' એ પરખતાં વાર નથી લાગતી. તેઓ તો એને તો એકદમ પરખી જ લે છે કે- 'આ મોતી સાચું છે અને આ મોતી એબીચલ છે.'

## મોતીનું એક દષ્ટાંત

એક રાજસભામાં એકવાર ત્રણ મોતી આવ્યાંઃ રાજાએ પરીક્ષક ગણાતાઓને પરીક્ષા કરવા બોલાવ્યા. મોતીના પરીક્ષકોએ એક મોતીની કિંમત એક લાખની કરી, બીજાની દશ હજારની કરી અને ત્રીજા મોતીને કિંમત વિનાનું તદ્દન નકામું જ જણાવ્યું એમાં એક હુંશિયાર ઝવેરી બેઠેલો, એને આ કિંમત ન ગમીઃ મનમાં મૂંઝાય પણ એને એમ થાય કે- આ બધા આમ કહે ત્યાં એકલો હું શું કહું? બહુમતિ ખરી ને! શાસ્ત્ર કહે છે કે- અજ્ઞાનીઓની બહુમતિ ન ચાલે, એક જણ કહે છે કે-વાત ખોટી પણ લાગે તો પણ બહુમતિથી મંજુર કરશો. હું કહું છું કે-'જૈન હો તો ન કરજો. જૈનશાસનમાં આવી બહુમતિની ફૂટી કોડીની પણ કિંમત નથી.' અસ્તુ.

પેલા ઝવેરીએ મોઢું બગાડ્યુંઃ રાજા જોઈ ગયો. રાજાને વિચાર થયો કે-'એના મોઢું બગાડવામાં ગહન હેતુ છે, પણ એ બોલતો નથીઃ એને મૂંઝવણ થાય છેઃ માટે કાંક હેતુ જરૂર છે. રાજાએ એને પણ પૂછ્યું કે-'તમે કેમ બોલતા નથી? તમે તમારો મત આપો! વ્યાજબી લાગશે તો સ્વીકારવામાં વાંધો નથી!' પેલો કહે કે- 'આ બધા આમ બોલે ત્યાં હું શું કહું?' રાજા કહે કે-'એવો અહીં કાયદો નથી, માટે નિઃસંકોચપણે તમારો મત કહો!' પછી પેલો ઝવેરી જણાવે છે કે -'આ પહેલું મોતી જેની કિંમત લાખ રૂપિયાની જણાવવામાં આવે છે, એને ભૂલે ચૂકે પણ રાખશો નહિઃ ફૂટી કોડી પણ એની કિંમત નથીઃ ફૂટી કોડી આપીને પણ એ લેવા જેવું નથીઃ એ મોતી જ્યાં જાય ત્યાં બધું જ સાફ કરે એવું છે. બીજું મોતી જેના દશ હજાર કહે છે એ વાતમાં વજૂદ નથીઃ એના બે હજાર ઓછા કે વત્તા ગમે તે આપો એ તમારી મરજી. પણ ત્રીજું મોતી, કે જેને કિંમત વગરનું (નકામું) કહે છે-તે ખરેખર અમૂલ્ય એટલે કે કિંમત જ ન થઈ શકે તેવું છેઃ એ કોઈ પણ રીતે જવા દેશો નહિ. માગે તેટલું દ્રવ્ય આપીને લેજો!

બીજા મોતી માટે લાંબી પંચાત ન કરી, રાજાને ત્યાં એવા હિસાબ ન હોય. રાજાના ઝવેરી આ રીતે પૈસાદાર થાય. રાજાને પસંદ પડે એટલે એની કિંમત પાચ હજાર, દશહજાર કહે તે રાજા આપી દેઃ એ તો રાજા! ચશ્માવાળાને ત્યાં પણ સામાન્ય આદમીને પાંચમાં મળે, એ જ ચશ્માના મોટા પાસેથી સો રૂપિયા પણ લે. મોટાને ભાળે કે તરત કહે કે- 'આપના જેવા માટે જ આ તો રાખેલાં છે, ખાસ પેબલનાં છે.' પેલા ઝવેરીને રાજાએ પરીક્ષા માટે પૂછ્યું-તરત ઝવેરીએ

ચોખાનો ભરેલો થાળ મંગાવ્યો, તેમાં પેલું છેલ્લું મોતી મૂક્યું : કે જેથી કોઈ પણ પક્ષી એ થાળમાંના ચોખા ખાઈ ન શક્યું: માત્ર થાળની ચારે બાજુ પ્રદક્ષિણા જ કર્યા કરી. પછી એ મોતી કાઢી લઈને પહેલું મોતી મૂક્યું કે તરત જ પક્ષીઓ બધા જ ચોખા ખાઈ ગયાં. પેલા ઝવેરીએ કહ્યું કે-આ રીતે 'જે પહેલું મોતી છે તે ભંડારમાં મૂક્યું તો બધું જશે અને છેલ્લું મોતી મૂકશો તો સઘળાનું રક્ષણ અને વૃદ્ધિ થશે.' આ દષ્ટાંત ઉપરથી વસ્તુમાત્રના પરીક્ષક બની માત્ર મતિકલ્પનાથી શ્રેય ન માનતાં, અનંતજ્ઞાનીઓની આજ્ઞાને અનુસરતું જીવન બનાવવાનો પરિશ્રમ કરવો એ જ ઈષ્ટ છેઃ કારણ કે- એમાં જ આત્માનું સાચું શ્રેય છે. આથી કલ્યાણના અર્થી આત્માએ આજની કોઈ પણ શબ્દમાત્રથી મોહક વાગ્જાળમાં ન ફસી જવાય, તેની ખાસ કાળજી રાખવાની છે.

# (૨૪)

## બનાવટી સંઘની કિંમત કેટલી?

સૂત્રકાર મહર્ષિ **શ્રી દેવવાચક ક્ષમાશ્રમણજીએ, શ્રી તીર્થંકરદેવ** પછી **શ્રી સંઘને** પૂજ્યકોટિનો કહી, આ **શ્રી નંદીસૂત્રના** મંગલાચરણમાં આઠ રૂપકથી તેની સ્તવના કરી છે. જેમાંનાં સાત રૂપકો તો આપણે જોઈ ગયાઃ હવે આઠમું છેલ્લું રૂપક મેરુનું છે. શ્રી મેરુ પર્વત જેમ આખા લોકની મર્યાદા કરનાર છે, આખા લોકની શોભારૂપ છે અને શાશ્વત છે, - તેમ શ્રી સંઘ પણ આખા લોકની મર્યાદા કરનાર છે, સમગ્ર લોકમાં શોભારૂપ છે અને મહાવિદેહ ક્ષેત્રમાં શાશ્વત છેઃ શાશ્વત ચીજનો નાશ કોઈ કાળે થતો નથી. શ્રી તીર્થંકરદેવ પછી પૂજ્ય શ્રી સંઘ પણ સદૈવ શાશ્વત કોટિમાં છે. સુંદરતા શ્રી સંઘમાં છે, સર્વત્ર મધ્યવર્તિતા શ્રી સંઘમાં છે, બધાની યોગ્ય વ્યવસ્થા કરનાર શ્રી સંઘ છે, બધા નયોનો સમન્વય કરી સર્વને સુંદર અને સુસ્થિત બનાવનાર શ્રી સંઘ છે, ખરાબ માત્રને દૂર કરી, જેટલું સારું હોય તેટલું તમામ સંગ્રહિત કરનાર શ્રી સંઘ છે, અને વસ્તુને વસ્તુગતે પ્રગટ કરનાર પણ શ્રી સંઘ છે. શ્રી સંઘમાં ઘાલમેલ ન નભે.

વસ્તુને વસ્તુગતે પ્રકાશિત કર્યા વિના શ્રી સંઘ ન રહેઃ એ એનો મોટામાં મોટો ગુણ છે. એનામાં કદી ત્રુટિ ન આવે. એક પણ અયોગ્ય વસ્તુને શ્રી સંઘ સંઘરે નહિ (સંગ્રહે નહિ). પ્રભુનો સ્થાપેલો શ્રી સંઘ તે આ કોટિનો! શ્રી તીર્થંકરદેવ પછી પૂજ્ય કોટિનો શ્રી સંઘ તે પ્રભુનો સ્થાપેલો જોઈએ, બનાવટી નહિ જ! પ્રભુએ જે ઉદ્દેશ, જે ધોરણ, જે કાર્યવાહી ઘડી, તે મુજબ ચાલનારો એ જ ભગવાનનો સંઘ! નવું ઘડનારો તે ભગવાનનો સંઘ નથી. ચોમાસામાં સ્વયમેવ અળશિયાં પ્રગટે અને સૂર્યના તાપથી સાફ થઈ જાય, એ રીતે પોતાની મેળે ફાટી ફૂટી નીકળેલા તે પ્રભુના સંઘમાં ન ગણાય. એ અળશિયાનું સત્ત્વ કેટલું? સૂર્યનો તાપ ન સહી શકે એટલું! મતિકલ્પનાથી ફૂટી નીકળેલા પોતે પોતાને સંઘ કહેવરાવે, તેવાઓની અળશિયાંથી વધારે કિંમત નથી. અળશિયાં પાકે ઘણાં, પણ ટકે નહિ એકે! પાકે તો એટલાં બધાં કે-સારા માણસને પગ મૂકવો ભારે પડે, પણ એની હયાતિ અલ્પકાળ સુધીની! એ ગમે તેટલાં ફાટીનીકળે તો પણ મૂંઝાવું નહિ, પગ મૂકવાની જગ્યા ન મળે તો પણ ન મૂંઝાવું. જ્યાં ત્યાં એનો વાસ હોય તોય ગભરાવું નહિ, એમ ન હોય તો એ અળશિયાં ન કહેવાય! નામ તેવા ગુણ હોય.

અહીં જે વર્ણન ચાલે છે, તે પ્રભુના સ્થાપેલા શ્રી સંઘનુંઃ પોતાની મેળે બહાર આવેલાનું વર્ણન આ નથી. 'અમે સંઘ-અમે સંઘ!!' નો પોકાર કર્યા કરનારાઓનું આ વર્ણન નથી. પ્રભુનો સંઘ એમ બોલતો નથી, એ તો એના વર્તાવથી જ ઓળખાય છે. આમને કોઈ માનતું નથી માટે એમને એવો પોકાર કરવો પડે છે. અળશિયાં જેટલા ફણીધર દેખાય તો? પણ એ તો બને જ નહિ. અળશિયાં જ બધે ફૂટી નીકળે, પણ એની તાકાત કેટલી? રીતસર ખસી પણ ન શકેઃ મોટે ભાગે તો બીચારાં ત્યાંને ત્યાં જ શમી જાય!

## નિરંકુશ ટોળાના નાયકોની કફોડી દશા છે!

એલફેલ બોલનાર, પોતાની મરજી મુજબ ચાલનાર તથા મનફાવતી લવરી કરનારનું વર્ણન કરવા શાસ્ત્રકારો નવરા નથી. વર્ણન તો તેનું થાય, કે જેની એકસરખી મર્યાદા હોય, જેની રીતિનીતિ એકસરખી હોય, જે ઉત્તમ સર્કલમાં ગોઠવાયેલો હોય, જે અંકુશમાં હોય! અંકુશ વિનાનાનાં વર્ણન ન થાય. અહીં પ્રભુએ સ્થાપેલા સંઘનું વર્ણન ચાલે છે, પોતાની જાતે પોતાને સંઘ તરીકે ઓળખાવનારનું વર્ણન નથી ચાલતું. પોતાની જાતે 'સંઘ-સંઘ' ના પોકાર કરનારા એ બનાવટી છે. જુવાનિયાઓ ધારે તો યુગપરિવર્તન કરે, ધાર્યું કામ આપે, કેમકે-ચઢતું લોહી છે, પણ એ લોહી ઉપર અંકુશ હોય તો! આજે એ લોહીનો પ્રવાહ યોગ્ય દિશામાં નથી વહેતો. શરીરમાં ઘા ન પડે ત્યાં સુધી લોહી બરાબર વહે, પણ ઘા પડે એટલે લોહી વહી જાયઃ જેમ જેમ લોહી વહે તેમ તેમ શરીર અશક્ત થાય. આજના ઉચ્છૃંખલ જુવાનિયાઓનું લોહી વેગબંધ વહે છે, પણ છિદ્ર વાટે વહે છે. શરીરમાં લોહી બંધનથી ફરે છે માટે શરીર ટકે છેઃ લોહી પણ અંકુશની

બહાર વહે તો શરીર ન ટકે, લોહી અંકુશ બહાર ગયું અને આડે માર્ગે વહેવા માંડે કે-બે ચાર દિવસમાં ખોખું (શરીર) સાફ થાય. આજે જુવાનિયાઓનું લોહી એ રીતે વહી રહ્યું છે.

એ કહે છે કે-અંકુશ ન પાલવે. અંકુશ વિનાનાના નાયક બનવું હોય એણે પણ એમના બનવું હોય તો જ એ નાયકપદે ટકે. અમે કહીએ છીએ કે-જેના નાયક બનવું હોય, તેના ઉપર અંકુશ મૂકો!- પછી નાયક બનો. જો એ અંકુશ ન સ્વીકારે, તો એમના નાયક થવાની ના પાડો, ભટકવા દ્યો. જેને એવાના ગુરુ બનવું હોય, તેણે 'એ કહે તેમ કરવું' એમ લખી આપવું પડે, તો જ ગુરુ બની શકે. સાચા સાધુઓએ તો એવાઓના ગુરુ થવાની ઈચ્છા ન જ રાખવી જોઈએ. તેઓ કહે કે-'અમે તમને ન માનીએ' તો સાચા સાધુઓએ કહી દેવું જોઈએ કે-'અમે એ જ ઈચ્છીએ છીએ, કારણ કે-તમારા જેવા આગમના અંકુશને અને તારક મહાપુરુષોને નહિ માનનારાઓ અમને ન માને, એમાં જ અમારી સાધુતા છે! સાચા સાધુઓ સાથે તેઓનો મેળ મળે જ નહિ, કેમકે-સાધુઓને અંકુશમાં રહેવું અને તેઓને અંકુશની બહાર રહેવું, નિરંકુશોના નમસ્કાર પણ ભયંકર છે. એવાઓના નમસ્કારથી રાચવું, એ આત્મકલ્યાણનો સંહાર કરવા બરાબર છે. અંકુશ વિનાનાના નાયક બનવું એના કરતાં 'નાયક' નામ વિનાના રહેવું વધારે સારું છે.

તમે ક્યા કુટુંબની માલિકી ઈચ્છો? ચોટ્ટાની? કુટુંબમાં પાંચ ભાઈ હોય, પચીસ દીકરા હોય, વહુઓ હોય, એમાં કોઈ ચોર હોય, બદમાશ હોય, ખૂની હોય, એના નાયકની કઈ દશા? અધર્મીઓ, અધર્મ કરી આવે ને ભોગ નાયકના! એવા કુપુત્રોના પ્રતાપે લાખ જાય ને નામ આગેવાનનું લેવાય! પેલો ના કહે તો સામેવાળા કહે કે- 'બાપ શું કામ થયા હતા? વડીલ કેમ થયા હતા? પેઢીમાં નામ કેમ રાખ્યું હતું?' સાચા સાધુઓએ સ્વછંદીપણે વર્તનારાના ગુરુ બનવાની લાલસા છોડી દેવી જોઈએ: એવાઓ 'ન નમીએ' એમ કહે એ જ ઠીક! એમાં જ સાધુઓ સમજે કે-અમારામાં કાંક છે. જો એવાઓ નમતા આવે, તો તો પોતાની જાત ઉપર શંકા આવે, કેમકે એ નમ્યા કેમ? ભૂલેચૂકે એમને ફાવતું રખે અમારાથી થઈ ગયું હોય, એવી શંકા આવે. લૂંટારો જો પોતાને નમતો આવે, તો સાચા શાહુકારને તો મૂંઝવણ થાય કે-આ નમતો કેમ આવ્યો? અને જોનારો ત્રીજો આદમી પણ માને કે આનો ભાગબાગ હશે? ગુરુતા યોગ્યની હોય, અયોગ્યની ગુરુતા ન જોઈએ! આજે જે બળ છે, એનો ઉપયોગ ઊંધે માર્ગે થઈ રહ્યો છે. એમના નાયક બનનારા એક દિવસ પસ્તાવાના છે. કાં તો એના જેવા થવાના, અગર કાં તો પસ્તાવાના! કાં તો ભેળા ભળવાના, નહિ તો ત્રિશંકુ બનવાના! અહીંથી તો ગયા અને ત્યાંથીય જવાના!

## સુધારાઓ કરી શકાય કે કેમ?

અનાદિ કાળથી સુધારાને સ્થાન છે અને સુધારાને અવકાશ સદા રહેવાનો! પણ આ લોકો સુધારક જ નથી. આ લોકો સુધારાના નામે જે વાત કરી રહ્યા છે, તે સુધારકના નામને છાજતી નથી. વસ્તુમાત્રમાં સુધારાને અવકાશ છે. ધર્મ, એ આત્માને સુધારવા માટે છે. આત્માની સુધારણામાં આખી દુનિયાનો સુધારો છે. આત્માની સુધારણાનો કાર્યક્રમ ઘડ્યો કોણે? અનંતજ્ઞાનીઓએ અને એ આગમમાં ગ્રથિત થયેલો જ છે.

***સભા૦ એક વાત બીજે જાય તોયે ફેરફાર થાય તો શાસ્ત્રમાં ફેરફાર કેમ નહિ?***

વાતો કરનારા તો મરચું મીઠું ભભરાવનારા હોય છે. એ થોડું સાંભળે ને વધારે ઘાલે. ગંભીર પેટવાળા લાખ હોય તોયે વાત એક જ. અગિયારે ગણધરદેવોએ દ્વાદશાંગી એકી સાથે રચી, પણ વાત એક જ! એમાં ભેદ નહિ. 'સો ડાહ્યાનો એક મત ને સો ગાંડાના એકસો એક મત' એ કહેવત છે.

***સભા૦ એક મત વધ્યો ક્યાંથી?***

વધે જ, કોક નવું જ વાટે, તાત્પર્ય એ કે-ત્યાં ઊલટો એક મત વધે. ઊલટો ડખો થાય. એવા લોકો પૂરી વાત સાંભળતા જ નથી. બધા પોતાને ડાહ્યા માને છે. બધા વક્તા, શ્રોતા કોઈ જ નહિ! દરેકને બોલવાનું મન થાય! 'હું રહી ગયો!' એમ એ બધાને થાય છે. શું બોલવું કે શા માટે બોલવું, એનું પણ તેમને ભાન નથી હોતું. બોલનારને કોઈ કહે કે- 'બોલવા તો આવ્યા, પણ ધર્મવિરુદ્ધ ન બોલાય એની કાળજી રાખજો!' એનો ઉત્તર અપાય છે કે- 'સ્વતંત્રતા વેચીએ?' આવો ઉત્તર વક્તાનો હોય? 'કલાકોના કલાકો બોલું તો પણ ધર્મવિરુદ્ધ ન જ આવે'- એવું કેમ તે વક્તા કહેતો નથી? કારણ કે-એમ બોલવું નથી. હવા ફરે તેમ બોલવું છે. જાત કે તત્ત્વ જોવું નથી, પણ હવા જોવી છે! ત્યાં થાય શું? ધર્મ બતાવવા આવેલાને 'ધર્મવિરુદ્ધ ન બોલાય' એવું કહેવું પડે, જબાન ઉપર કાબૂ મૂકવાનું કહેવું પડે, એ સ્થિતિ કઈ? છતાં એ ન માને એનો અર્થ શો? એ તો એમ કહે કે- 'હું અને ધર્મવિરુદ્ધ' એ બને જ કેમ? ધર્મવિરુદ્ધ બોલાય તે પહેલાં તો મરી જાઉં!'

***સભા૦ ધર્મવિરોધી હોય તો?***

હૃદયથી ધર્મવિરુદ્ધ થવાની ઈચ્છાવાળાની સંખ્યા થોડી છે, ઘણા તો અજ્ઞાન છે, દોરાયા દોરાય છે, માટે દયાપાત્ર

છે! નામચીન મદારી તો પાંચ-દશ-પન્નર કે પચાસ જ! એવાઓ તો સ્વાર્થી છે. યેન કેન પ્રકારે, એ તો સ્વાર્થ સાધવા માગે છે. અને એમણે બીજાને રમકડાં બનાવ્યાં છે. ડાહ્યો આદમી સુધારો ન માને? સુધારા તો રોજ ચાલુ જ છે. શરીર, ઘર, પેઢી, ચોપડા વિગેરે સુધારવાનું કામ ચાલુ છે. આત્મસુધારણાનું કામ આજનું નથી, અનંતજ્ઞાનીઓએ કહેલ છે. એ તો શુદ્ધ જ છે. સો ટચનું સોનું છે. અગ્નિમાં પસાર થઈને નીકળેલું છે. ક્ષપકશ્રેણિ રૂપ અગ્નિમાં તમામ કર્મને બાળી સાફ કરીને કેવલજ્ઞાન મેળવ્યું છે.

*સભા૦ અંધશ્રદ્ધાળુ કહે છે ને!*

આમાં કહેલી એક વાતને ખોટી ઠરાવ્યા પછી કહે કે એમ ને એમ? પોતાને ગમે તેમ કહે તો કોણ રોકે? આદમીને ગધેડા કહે, ગધેડાને આદમી કહે, તો એને કોણ ના પાડે છે? સુધારો- કોનું નામ? જે ક્રિયાથી વિષય-કષાયની વાસના ઘટે, એનું નામ સુધારો છે. જૈનેતરોનું પણ અંતિમ ધ્યેય એ છે. જૈનેતરો પણ કહે છે કે-દુનિયાની માયાથી અલગ થઈને પરમાત્મામાં મળી જવું!

## અંતર અવાજ કોનો મનાય?

શાસન કે સંઘની સ્થાપના શા માટે? કોઈ પૂછે કે-'ઘર બાંધું? વેપાર કરું?' તો શાસન ના જ કહે. કંપની કાઢવાનું પૂછે તો પણ શાસન તો ના જ કહે. કોઈ એમ કહે કે-'અનીતિ ન કરું' તો કહે કે-'સારી વાત!' 'નહોતું કરવું પણ થઈ ગયું, પસ્તાઉં છું, જૈનત્વ જાય?' - એમ પૂછે તો કહેવું પડે કે-હૃદયમાં દુઃખ થાય છે માટે જૈનત્વ ન જાય! આ તો એમ પૂછે છે કે- 'પ્રસંગ આવે તો અનીતિ કરવાની છૂટ છે કે નહિ?' તો ના જ પાડવી પડે. પ્રભુએ શાસનની (સંઘની) સ્થાપના શા માટે કરી, તે નક્કી કરો! જે લોકો સુધારાની વાતો કરે છે, એને પૂછો કે-શામાં સુધારો કરવો છે? કહેશે કે-'ભગવાનના ધરમમાં.'

*સભા૦ ના, એમ કહે છે કે-સમાજમાં.*

એમને પૂછો કે-'સમાજ કયે માર્ગે જાય એને સુધારો માનો છો?' એમને ઊંડા ઉતારો. એ લોકો જો એમ કહેતા હોય કે-'સમાજમાં અનીતિ બહુ વધી ગઈ છે-ત્યાં સુધારો કરવો છે, વિષયવાસના વધી પડી છે-ત્યાં અંકુશ મૂકવો છે વિગેરે,' તો એ બધા સુધારા અમને કબૂલ છે. એમ કહેનાર તો ડાહ્યા છે. એ ભલે પોતે પાપી હોય, ન સુધર્યો હોય, પણ બીજાને સુધારવા ઈચ્છતો હોય, પોતાનું પાપ કબૂલતો હોય, તો એને પણ જૈનશાસનમાં અધિકાર (સ્થાન) દેવામાં આવે છે.

*સભા૦ દ્રવ્યની પીડાથી શ્રાવકો પીડાય છે એમ કહે છે.*

માટે તો સાધર્મીભક્તિનું વિધાન કર્યું. સાત ક્ષેત્રોમાં શ્રાવક-શ્રાવિકાનું ક્ષેત્ર છે. આપત્તિયોગે ધર્મસાધનમાં સાધર્મી ઢીલો થતો હોય, તો મદદ કરો ને! એને મદદ કરવાની શાસ્ત્રની છૂટ છે. એને તમારા પોતાના જેવો સારો બનાવો ને! ના ક્યાં છે? જેમ શ્રી જિનમંદિર, મૂર્તિ, આગમ, સાધુ, તથા સાધ્વી એ પાંચ ક્ષેત્રોમાં પૈસાનો સદ્દુપયોગ થાય છે. તેમ અહીં પણ થઈ શકે છે! ખુશીથી કરવો જોઈએ.

શાસ્ત્ર તો મહાગહન છે. શ્રી જિનેશ્વરદેવોની દષ્ટિની વિશાળતાની સીમા નથી. અર્થ-કામને એ તો અનર્થકર માનતા હતા, પણ અર્થ-કામમાં રહેલો ધર્મને લાયક જ નથી, એમ ન કહ્યું. જો એમ કહે તો ગૃહસ્થ કોઈ ધર્મી રહે જ નહિઃ ધર્મી થાય જ નહિ, એમ એ જાણતા હતા. આ બધું છોડવા જેવું એ વાત તો સાચી જ છે. આથી એને છોડવા જેવું માને એ પણ ધર્મી, કેમકે-અંતે છોડવાનું તો નક્કી છે એમ માને છે. છોડીને બધા બંધનથી છૂટવું એ નક્કી છે. એ માટે પ્રભુએ ધર્મની સ્થાપના કરી છેઃ પણ અર્થ-કામમાં રહેલો ધર્મને લાયક જ નથી, એમ ભગવાને ન કહ્યું.

*સભા૦ અર્થ-કામ મેળવવાની છૂટ નહિ?*

નહિ જ, અર્થકામ અનર્થકર છેઃ એ ન છૂટે અર્થાત્ એનાથી ન છુટાય ત્યાં સુધી મુક્તિ થઈ શકે તેમ નથી, જેનાથી એ ન છૂટતા હોય, તે પણ એને છોડવા જેવા માને એ જ ધર્મ પામવા લાયક છે.

*સભા૦ એ લોકો તો કહે છે કે-અર્થકામ મેળવવાની છૂટ છે.*

એ લોકો દંભી છે, મૃષાવાદી છે, માયાવી છે, માયા મૃષાવાદી છે! એવાની વાત જવા ઘો. સુધારાની વાતો હાંકનારને કહો કે-'તમારી સ્કીમ રજૂ કરોઃ ધ્યેય, હેતુઓ, ઉદ્દેશો લખીને આપો!' હવે એમની સાથે લેખિત વાત માગજો, નહિ તો નહિ ફાવે કે તરત તેઓ ફરી જશે.

*સભા૦ પણ દરેકની સ્કીમ જુદી હોય છે.*

હવે સમજ્યા! એમની દરેકની સ્કીમ જુદી. સગા ભાઈ પણ બેયની વાત જુદી! અહીં તો આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ જે બોલે તે બધા એક જ વાત બોલેઃ જે બીજું બોલતા હોય એની વાત જુદી. એનું એ જાણે! જેને ફેરફાર બોલવું જ હોય એનો ઉપાય નથી. અહીં તો આચારાંગમાં, ભગવતીજીમાં, પૂજામાં, કથામાં બધામાં એક જ સૂર! સુધારકોને કહો કે-'આવું તમારું સાહિત્ય લાવો!'

*સભા૦ અંતરઅવાજની ગુલામી થાય?*

અજ્ઞાન હોય ત્યાં સુધી અંતરઅવાજને છૂટ જ નથી. અજ્ઞાનીને ફાવે તેમ વર્તવાની છૂટ હોય? તરતાં આવડે નહિ ને પાણીમાં પડતું મૂકે, તો પાતાળમાં જવું પડે! તરવાની કળા આવડતી હોય તો પણ કાયા મજબૂત હોય તો જ પાણીમાં પડાય. દમિયલ પડે તો શ્વાસ ચઢે, મોંમાં પાણી જાય, હાથપગની શક્તિ મંદ પડે, અને ડૂબી જાયઃ મડદું થઈને નીકળે. પહેલાં જ્ઞાની થાઓ, પછી અંતરઅવાજ પ્રમાણે વર્તો! તમારા હાથમાં ચપ્પું છે ને બાળકના હાથમાં કેમ નહિ? એને વાગે, લોહી નીકળે, માટે ન અપાયઃ કેમકે-બાળક હજી સમજતું નથી. તમારા ભાણે મિષ્ટાન્ન, પણ બાળકને ત્યાં આવવા પણ ન દેવાય, કેમકે-ખાય તો માંદો પડે!

હવે તમે આવા સુધરેલાની વાત જવા દો! એમની વાતમાં કાંઈ માલ નથી. ખુદ પોતે બગડેલા છે, પોતે બગડવા તથા બીજાને બગાડવા ઈચ્છે છે, એ શું સુધારો કરશે? મંદિર જેમની આંખમાં ખટકે, મૂર્તિ સંગ્રહસ્થાન લાગે, મંદિર તથા મૂર્તિ ખડકેલાં લાગે, એ શું સુધારો કરશે?

## સમાનવાદના સિદ્ધાંતની પોકળતા.

કાલ સુધી જેને 'તું' કહેવામાં આવતો, તે આજે અગિયાર વાગે એવા સ્થાને બેસે, કે તેને 'આપ' કહેવું પડે, નમવું પડે, સલામો કરવી પડે, એ શું? અશુભોદયનો પલટો થયો અને શુભોદય આવ્યો! એક દિવસ પહેલાંનો પશુપાળ, બીજે દિવસે પૃથ્વીપાળ થાય એ શું? જેને બીજા ખાવા આપે, એને જ ઘનાઢ્યો પણ શિર ઝુકાવે એ શું? જે લોકો જૈનશાસનને સેવી પોતાની સ્થિતિ એવી ઊભી કરે, એને માટે આ શાસનમાં જગ્યા છેઃ એ ન બને એવું નથી. શાસનરસિક થઈને જે યોગ્યતા મેળવે, તેને 'ભાઈ' કહીને વળગો! બાકી લાખ કમાયા વિના લક્ષાધિપતિ શી રીતે કહેવડાવાય? વગર શાખે આબરૂવાળા કહેવાય શી રીતે? દેવાળિયાને શાહુકાર બનાવવા માટે એકદમ શાહુકાર પોતાની પેઢી પર એને બેસાડે? કેવી ગાંડી વાતો છે! ચોરની પાસે શાહુકારે ઊભું રહેવું પણ ખરાબ છે. એ લોકોને શુભાશુભ કર્મનો ખ્યાલ જ નથી. જાતિ બે જાતની છેઃ જન્મજાતિ અને ગુણજાતિ. ગુણ આવ્યા પછી જન્મની જાતિ ફરી પણ જાય છે.

**સભા૦** *અને ગુણ ચાલ્યા જાય તો પણ જન્મની જાતિ ફરી જાય?*

એ પણ બને! કુલથી કે જાતિથી જૈન છે, એને અજૈન કોણ કહે છે? જ્યાં સુધી આડો ફાટે નહિ, ત્યાં સુધી નામના હોય તો તેવો પણ જૈન તરીકે એ રહેલો જ છે, અને રાખેલો જ છે! એ જ રીતે બહારનો (ઈતર) સીધો થાય, તો એને પણ લઈ શકાય છે. જૈનત્વ જેનામાં લાગે તેને લેવાય, એમાં ઈન્કાર નથી. એ લોકોને પૂછો કે -'તમારે તમારી જાતને સુધારવી છે કે જાતને બગાડીને પણ એમને સુધારવા છે?' પોતાની જાતનું જે બગાડે તે સામાનું શું સુધારે? સારા કુલમાં જન્મ્યા છે, સારા સહવાસમાં છે સારા લત્તામાં છે, તોયે અયોગ્ય આચરણાઓના સ્થળે જાય છે, તો પછી શી દશા? આ સ્થિતિમાં અધમ આચારો આચરે છે, તોપછી હલકાના સહવાસમાં ગયા પછી રહેવાનું શું?

**સભા૦** *સાહેબ! મુદ્દો એ છે કે-બધા એવા થાય પછી કોઈ એમને ખરાબ તો ન કહે ને!*

હવે સમજ્યા! એવી દોંડી પીટાવો કે-બધાએ એક સરખા દેખાવું હોય, તો તમામ શાહુકારોએ દેવાળું ફૂંકવું! મરજી છે?

**સભા૦** *ભરત મહારાજે પણ સંઘ જમાડતાં શ્રાવકોની પરીક્ષા કરી હતી.*

આ લોકોને એ નથી પાલવતું. એ તો શંભુમેળો કરવાનું કહે છે. જૈનશાસનની કર્મથિયરી ફરે તો એ બને, પણ એ તો ન ભૂતો! ન ભવિષ્યતિ ! એક કાણો, એક બોબડો, એક લૂલો, એક લંગડો, એક બાડો, એક આંધળો, એક દેખતો, એક રાજા, એક રંક, એક ધોળો, એક કાળો, એક આદમી, એક જનાવર, એક ડાહ્યો, એક દીવાનો, આ ફેરફાર શાથી?' જો સમાનતા જ હોય, તો બધા ગોરા કેમ નહિ? એક માના બે દીકરાઃ તેમાં એક ડાહ્યો અને એક મજૂરી કરે એવો, એનું કારણ? ત્યાં પાછા એ કર્મ માને છે.

**સભા૦** *માનતા નથી, માનવું પડે છે.*

હું કહું છું કે-એ લોકોની શબ્દજાળમાં ન મૂંઝાઓ! એ લોકો તો કહે છે કે-'સંઘ, મંદિર, મૂર્તિ, ઉજમણાં વિગેરેમાં આજ સુધી જે પૈસા ખર્ચ્યા, તે નિરર્થક પાણી કર્યું છે.' આ દશાવાળા સુધારો શું કરશે?

## સુધારાના નામે પાપપ્રચાર ન કરો!

જો એમ કહે કે-'મંદિર તથા મૂર્તિને માનું છું, એ તરવાનું સ્થાન છે, પણ એમાં આટલી આટલી ખામી છે' તો એને ડાહ્યો કહીએ, એનું સાંભળીએઃ જરૂર સાંભળીએ. પણ આંખો કાઢી કહે કે- 'આ શું ખડક્યું છે?' તો એને કહેવું પડે કે- 'બહાર જા! તારા જેવાની સાથે વાત કરવા માગતા નથી.' જે

મૂર્તિને ખડકલો કહે, તે શું ઉકાળશે? એ વાત ખરી છે કે-કેટલીક ક્રિયા અવિધિથી થાય છે, પણ તેટલા માટે એ વસ્તુ કંઈ ખોટી કહેવાય? ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે-અવિધિથી કરાતી ક્રિયા કરનારને પણ વિધિની ભાવના હોય તો એવી ક્રિયા પણ-એ ભક્તિ પણ મોક્ષની કૃતિ છે. જો વિધિને સ્થાપવાની શક્તિ ન હોય, તો એને અવિધિનું ખંડન કરવાનો હક્ક નથી. ખામીવાળી પણ સારી ક્રિયા ચાલુ રખાય, બંધ ન કરાય! જે વેપારમાં લાખોની આવક હતી, તેમાં હવે સેંકડોની છે, છતાં ચાલુ રખાય છે. સામાની એ ફરજ છે કે-લાખોની આવકવાળો વેપાર થવાના રસ્તા બતાવે, પણ એ ન બતાવી શકે તો ચાલુ રખાવે, બંધ ન કરાવે! કેમકે-સેંકડો પણ ન મળે તો પેટમાં ખાડો પડે.

સુધારા કરનારને, ખામી કાઢનારાને કહો કે-'શ્રી જિનેશ્વરદેવે કહેલી વસ્તુ વ્યાજબી છે, એ કબૂલ કર, કલ્યાણકર માન, પછી ખામી બતાવા ઊભો રહે તો સાંભળીએ, અને એને સુધારવામાં સામેલ પણ થઈએ.' ઘણા કહે છે કે-'તમે વિધવાવિવાહના પ્રશ્નમાં આડા કેમ આવો છો?' હું એમને પૂછું છું કે-તમારે દોષ ઘટાડવા છે કે બીજું કાંઈ કરવું છે? ઉત્તમકુળની વિધવામાં રૂઢ મર્યાદા છે કે-અશુભના યોગથી વૈધવ્ય આવે છે અને વૈધવ્ય આવ્યા પછી અનાચાર થાય નહિ: આ મર્યાદા રૂઢ છે એને તોડાવવામાં લાભ શો છે? દોષો ટાળવામાં સામેલ છું. દોષો આવવાનાં તમામ કારણો વિધવા પાસેથી છીનવી લેવાં. ઉત્તમ કુળમાં જન્મેલી બાઈ વિધવા થઈ, કે એને ઉત્તમ સંસર્ગમાં રહેવાની તમામ યોજના કરી આપવાના, ઉત્તમ સંસ્કારો નાખવાના, ઉત્તમશિક્ષણ આપવાના પ્રબંધો યોજવાના રસ્તા લ્યો ને! જે ઉત્તમ બાઈઓની ઈચ્છા નથી, તેને બલાત્કારે વિધવાવિવાહ કરાવવા પાછળ પડવું, એનું નામ સુધારો છે?' આ તો એવા છે કે-ન પૂછો વાત.

એક આદમી કહે કે-'મારે આનું ખૂન કરવું છે, પણ મારી પાસે ચપ્પુ નથી.' એટલે 'લે આ ચપ્પુ, માર અને નથી માર્યા એવી સાક્ષી હું આપીશ!' એમ કહેવું? આ લોકો એવું કહેનારા છે. ડાહ્યો માણસ તો એનું ચપ્પુ પડાવી લે અને ખૂનના પાપથી બચાવે. હું એવાઓને કહું છું કે-દોષ કાઢવા હોય તો ભેગો છું. એ લોકો કહે છે કે-'પુરુષ કેમ બે વાર પરણે છે?' આ બધી વાત મારે એમની સાથે થયેલી પણ છે અને આવા સવાલ જવાબ થયેલા છે. 'પુરુષને કેમ હક્ક?' મેં કહ્યું કે-'એ વાતમાં કબૂલ. કરો ઠરાવકે-પુરુષે બીજીવાર ન પરણવું!' એટલે એ કહે છે કે-'એ તો ન બને!' પોતાને પોતાનું પાપ ચાલું રાખવું છે અને જેને પાપ નથી કરવું, તેને પાપમાર્ગે ઢસડવા છે, તે ક્યાંનો ન્યાય? સુધારાની સાથે અમારો અણબનાવ નથી અને કોઈનો પણ ન હોય, પરન્તુ સુધારાના નામે પાપપ્રચારની સામે તો અમારો સનાતન વાંધો છે અને રહેવાનો જ!

## જૈનશાસનમાં પરોપકાર શું છે?

***સભા૦ વિધવાવિવાહને એ લોકો પરોપકાર કહે છે.***

ભૂલે છે, મોટામાં મોટો પરોપકાર કહે તો પણ ના કોણ પાડે છે? પરોપકારનો અર્થ શો છે? જૈનશાસન પરોપકાર કોને કહે છે? કોઈને મોક્ષના માર્ગે લઈ જવો તે પરોપકાર છે. પણ હૈયા વગરનાઓને આ ન સૂઝે! એ તો વાતવાતમાં કહે છે કે- 'આટલા મંદિર શાં! આટલી મૂર્તિ શી!' હું પૂછું છું કે-'આટલા માળા, બગીચા અને બંગલા શા?' મંદિર તથા તીર્થો એમની આંખમાં ખૂંચે છે, માથેરાન નથી ખૂંચતું! આઠ આઠ મહિના બંગલા ખાલી રહે છે, ત્યાં પણ હજી બંગલા બંધાવે છે. પૂજામાં કહે કે-'ચંદન હોય પછી કેસર શા માટે જોઈએ?' એમને પોતાને બધું જોઈએ. મોજાં પર પૉલીશ કરેલા બૂટ, ગંજીફ્રાક, પેરણ, ખમીશ, જાકીટ, કોટ, ઓવરકોટ, ઝભ્ભા, નેકટાઈ, કોલર, કાંઠલો, હેટ બધું જોઈએ ને! એવાને કહી દેવું કે-'તારા જેવા ભિખારીને કેસર ન મળે તો ચાલ્યો જા, પણ જેને મળે ને કરે તેને તો કરવા દે!' હવે તમે એમને સુધારક કહી સ્થાન ન આપો!' 'તમને ઓળખી લીધા' - એમ કહી દ્યો! 'અભણ દુનિયાનું સત્યાનાશ વાળવા તમે પેદા થયા છો!' -એમ એમને સંભળાવી દ્યો! અરે એવો આદમી બોલવા ઊભો થયેલો હોય, પણ ઊંધું વાટતો હોય તો બેસાડી દેવાય.

***સભા૦ વિચાર ન સાંભળવા?***

કચરો ઘાલીને વાળવાનું કામ ન કરવું જોઈએ! સાવરણીનો ઉપયોગ કરવા માટે બહારની ધૂળ લાવીને ઘરમાં શું કામ ઘાલવી? હવે એવાઓનાં ભાષણોને, વાતોને, લેખોને મહત્ત્વ ન આપો! જેનામાં જવાબ દેવાની તાકાત હોય તે એવાને સાંભળે, વગર તાકાતવાળાને મના છે. કહે છે કે-'અમે વિધવાવિવાહની પડખે છીએ.' હું પૂછું છું કે-'તમને પડખે ઊભા રાખ્યા કોણે? અરજી કોની આવી? વગર ઊભા રાખ્યે શું કામ ઊભા રહ્યા?' જૈન સમાજની વિધવાઓની રૂઢ મર્યાદા છે કે- પાપના યોગે વૈધવ્ય આવે છે. પહેલાં ત્યાગના રાગી ન થયા, વિષય-કષાયમાં રાચ્યામાચ્યા, એનું તો આ પરિણામ છે. એક

દૃષ્ટિએ પતિનો વિયોગ એ અશુભોદય છે, પરન્તુ જેનું અન્તર જૈનત્વની ભાવનાથી વાસિત થયું, એવાને તો એમ પણ એક દૃષ્ટિએ લાગે કે-ધર્મની સામગ્રી મેળવી! હવે ધર્મસાધનાની સાનુકૂળતા છે, તો ધર્મ સાધવો!' આ મર્યાદાનો શા માટે નાશ કરવો? હું એવાઓને કહું છું કે-તમારે ઘેર કોઈની અરજી આવી હોય અને તમને તમારા જેવી કોઈ મળી હોય, તો બતાવો તો ખરા! અને એની સાથે તમે તમારું કેમ ફોડી લેતા નથી? એવા નાગા થાવ તો ના કોણ પાડે છે? બીજાની લજ્જાનું લીલામ કરવાનો, બીજાની શાશ્વત મિલકતનું લીલામ કરવાનો, તમને શો અધિકાર છે? રાજ્ય પણ વેપારીના માલનું લીલામ અરજી મળ્યા વિના કરતું નથી. ખબર નથી કે-

**લજ્જા ગુણૌઘજનની ।**

'લજ્જા એ ગુણસમૂહની જનની-માતા છે.' લજ્જાથી તો સેંકડો પાપથી બચાય છે, સેંકડો આત્માઓ પાપથી બચે છે. બાંધીને હોડીમાં નખાય તો એ કિનારે પહોંચે કે નહિ? લજ્જાથી શીલ પાળે, એમાં હાનિ શી છે? ઈચ્છા વિના સ્ટીમરમાં બેસાડાય, તો વિલાયત જવાય કે નહિ?

## આર્ત્તધ્યાન વધે કે રૌદ્ર?

*સભા૦ કહે છે કે-આર્ત્તધ્યાન થાય છે.*

એવું કહેનારાને પહેલું તો પૂછો કે-'આર્ત્તધ્યાન' એ શબ્દ લાવ્યો ક્યાંથી? એ કહેશે કે-'જૈનદર્શનમાંથી!' પછી પૂછો કે-'આર્ત્તધ્યાનના ભેદ કેટલા?' તરત કહેશે કે-'એ તો જાણતો નથી!' કહી દેવું કે-'જે ચીજ પૂરી જાણતો નથી, એનો તને ઉપદેશ દેવાનો અધિકાર નથી.' એક ચીજ નથી તે મેળવવા ઈચ્છવું, મેળવવાની ક્રિયા કરવી, મેળવવી અને ભોગવવી, એ બધું 'આર્ત્તધ્યાન છેઃ વિષયકષાય ભોગવવા એ પણ આર્ત્તધ્યાન છેઃ કદાચ ઈચ્છા કરતાં ભોગનું આર્ત્તધ્યાન વધી પણ જાય! અને મળેલું સાચવવાની બુદ્ધિ તે રૌદ્રધ્યાન છે. આઠ આના કમાય ત્યારે ઘાસની ઝૂંપડી ચાલે, પણ બે રૂપિયા કમાય એટલે ઓરડી જોઈએ, વધુ કમાય એટલે બંગલો જોઈએ, એ બધી વાતોમાં માલ નથી. જવા દો! જૈનશાસનની દૃષ્ટિએ સુધારા જુદા છે. આજના સુધારકો સુધારા કરતા નથી, પણ સુધારાના નામે કુધારા કરે છે,- માટે એમની સામે આટલું બોલી રહ્યા છીએ. એ લોકો કુધારા કરે છે તે સાબિત કરવા તૈયાર છું. સંઘમાં પહેલી સ્થાપના સાધુની છે.

*સભા૦ આપની ભૂલ ન થાય?*

થાય! માટે તો પાનાં જોઉં, વારંવાર જોઉં, છદ્મસ્થ ભૂલે પણ દેખાય તો કબૂલેઃ 'હું ન જ ભૂલું' એમ છદ્મસ્થ કહે તો પાપી! છદ્મસ્થ છીએ માટે સર્વજ્ઞને જ શરણે છીએ. પૂર્વાચાર્યોની શક્તિ અમારાથી વધારે હતી, એમનું જ્ઞાન પ્રભાવવંતું હતું, એમ અમે માનીએ છીએ. અમારી ભૂલ માનવા તૈયાર છીએ, પણ તારક આચાર્યોની ભૂલ કાઢવા અમે તૈયાર નથી. **શ્રી હરિભદ્રસૂરિ મહારાજ** જેવા પણ એક ઠેકાણે પોતાની મતિમાં વિચારભેદ પડ્યો અને એમાં ગુરુની સંમતિ મળી, તોય પણ કહે છે કે-'આ વાતમાં અમારો વિચાર જુદો છે, એમાં ગુરુની સંમતિ પણ છે, છતાં મહા બુદ્ધિમાન ભાષ્યકાર મહર્ષિનો મત જુદો છે, માટે અમે અમારી વાતને મૂકી દઈએ છીએ, કેમકે ક્યાં એ પરમ જ્ઞાનવાન ગંભીર આશયવાળા મહર્ષિ અને ક્યાં અલ્પબુદ્ધિવાળા અમે!' આ સ્થિતિ હતી માટે આ શાસ્ત્રોમાં વિપ્લવ ન થયો. કેટલાક મહાપુરુષોએ પોતાનો વિચારભેદ લખ્યો છે, ત્યાં પણ આગ્રહ નથી કર્યોઃ કહ્યું છે કે-'અમને આમ લાગે છે, પણ તત્ત્વં તે વિદન્તિ। તત્ત્વ કેવળી જાણે!'

જેને પોતાના તારક ઉપર પ્રેમ નથી, જેઓ પોતાના તારકને કલંકિત કરે છે, તેઓ સુધારા શું કરશે? જે બીચારા આવા ટોળાને આધીન થયા છે, તે પણ જરા જુદું બોલશે એટલે એમને પણ ઉડાવી દે એમાંના આ છે. પેલા તો 'મીયાં ન રહ્યા ઈધર કા ન રહ્યા ઉધર કા' એ દશા છે. એ ટોળાના તો માબાપને પણ મૂકી દે એવા છે. ભગવાન મૂક્યાં, આચાર્ય મૂક્યાં, આગમ મૂક્યાં, અને પોતે લખેલું પણ ભૂલવું પડ્યું! લીંપણ કરવું પડ્યું, આ દશા આવી! પહેલાં લખેલું તે આ જ આશયથી લખેલું એમ હવે કેહવું પડે છે. એ જ લખે છે કે-'બાળ દીક્ષા અગત્યની છે, વ્યવહારમાં પણ સારા બનાવવા માટે બાલ્યવયમાં જ ભણાવવા મુકાય છે, તો ધર્મના વિશાળ સાહિત્યનું શિક્ષણ આપવા માટે બાલ્યવયથી જ શરૂઆત થવી જોઈએ. બાલ્યવયની દીક્ષા સામેનો ઘોંઘાટ ખોટો છે.' આવું એ પોતે લખે છે અને સાત સાત વર્ષની દીક્ષાનું લીસ્ટ કર્યું છે. હવે કોઈ પૂછે છે, ત્યારે કહે છે કે-'ખ્યાલ બહાર નથી, તે વખતના અને આ વખતના આશયમાં ભેદ નથી.' હજી પણ કહું છું કે- પ્રભુના આગમને આઘું મૂકનારાની ભયંકર દશા છે. પોતાની નામના ખાતર પ્રભુઆજ્ઞાની અવગણના કરનારની એવી અવગણના થવાની છે, કે જેનો સુમાર નહિ!

(ક્રમશઃ)

# અવંતિરાજ શ્રી સમરાદિત્યનું ચરિત્ર

**(અપ્રગટ પ્રવચનો)**

**(અવતરણકાર - સ્વ. પૂ. આ. ભ. શ્રી જિતમૃગાંક સૂ.મ.)**

- **પૈસા પાસે હોવા છતાં જે પૈસાથી થતો ધર્મ નથી કરી શકતા તે વિરતિધર્મ શું કરવાના?**
- **સાધુ ઉપર પ્રેમ થાય તો તેમાં ઉદયભાવ પણ હોઈ શકે છે પણ સાધુપણા ઉપર પ્રેમ થાય તો તે ક્ષયોપશમભાવનો જ હોય.**
- **સ્ત્રી જાતિમાં આ અપલક્ષણ કે રાગ થઈ જાય તો સર્વસ્વ આપે પણ જો તેનું ધાર્યું ન થાય તો આપત્તિમાં મૂકવા બધું કરે.**

## (૬૫)

અનંત ઉપકારી **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા શ્રી સમરાદિત્ય** મહાકથામાં હવે **શ્રી સમરાદિત્ય**ના પાંચમા ભવનું વર્ણન શરૂ કરી રહ્યા છે. ચાર ભવનું વર્ણન થઈ ગયું તેમાં સાથે સાથે આપણા આત્માની વિચારણા જો ચાલતી હોત તો કેટલો લાભ થયો હોત? પણ આપણે તો તેમની કથા સાંભળીએ છીએ અને તે પછી તેમનું શું થયું? એટલો જ વિચાર કરીએ છીએ. પણ સાથે સાથે આપણા પોતાના આત્માની શી સ્થિતિ છે તેનો તો કાંઈ વિચાર નથી કરતા ને? તે ભાગ્યશાળીને ઈચ્છા થાય તે મુજબ સામગ્રી મળતી હતી. આપણને શક્તિ-સામગ્રી મળી છે તેનો સદ્ઉપયોગ થઈ શકે તેમ છે, તેમ છતાં કાંઈ નથી કરતા તેનું પાપ બંધાય છે, તે વાત ધ્યાનમાં ખરી?

પાંચમા ભવમાં પણ **ગુણસેન રાજા**નો જીવ મિથ્યાત્વી કુળમાં જન્મે છે, છતાં એ કુળ એટલું સારૂં છે કે ત્યાં ધર્મ કરવામાં વાંધો નથી આવતો. આજે તો સારા કુળમાં પણ કોઈ ધર્મ કરનાર પાક્યો હોય તો તેની કિંમત નથી. આ તો ભગતડો છે એમ કહી તેને ટોક્યા કરે. ઘરમાં કોઈ એની બહુ ચિંતા ન કરે એવી સ્થિતિ થઈ ગઈ છે. તમે લોકો ધર્મ ન કરો તો તમને કુટુંબમાં એવું કોઈ કહેનાર ખરૂં કે - 'ભાઈ! એમ ને એમ અહીંથી જવું છે? પેઢી સાથે નહિ આવે, માટે આત્માનું કાંઈક કરો!' ઘરની એજ વ્યક્તિ સંસારના કામમાં આળસ કરતી હોય તો તેને કહેનાર કેટલા નીકળે? તમે કહેશો કે 'સાહેબ! આવો અભ્યાસ પડી ગયો છે.' તો મારે કહેવું છે કે જૈનકુળોમાં આવો અભ્યાસ કેમ પડી ગયો? તો પછી હવે કહેવાનું શું રહ્યું? ઘરનો માલિક ધારે કે મારે કુટુંબને ધર્મ કરાવવો છે તો કરાવી શકે. પણ આજે તો માલિક માલિક જ દેખાતા નથી.માલિકપણાનો ઠસ્સો રાખે પણ કહી કાંઈ ન શકે. સંસારના કામ માટે કાંઈ કહેવાતું હોય ત્યારે માલિકપણું દેખાઈ આવે. આવો જન્મ પામીને પણ ધર્મ સેવો નહિ, સંસારના કામ રસપૂર્વક કરો તો અનુમાન થાય ને કે આવી મનુષ્યભવ આદિ સામગ્રી પાપ એકઠા કરી તિર્યંચ આદિ દુર્ગતિમાં ફરવા જવા માટે જ મળી છે? આવું ન હોય ને કદાચ તમે સંતાનોને ધર્મ કરવાનું કહો તો પણ તેનાથી સંસારના કોઈ કામમાં બાધ ન પહોંચે એ રીતે કરવાનું કહો ને? અહીં કહેવાતી વાતો અહીં સુધી જ રહે એવું જ તમે રાખ્યું છે ને? કે ઘર સુધી પહોંચે તો પણ ગમે, એવું ખરૂં?

આજે જેટલો ધર્મી વર્ગ ગણાય છે તેટલો પણ જો પોતાની શક્તિ મુજબ ધર્મ કરતો થઈ જાય તો પણ ઘણું કામ થઈ જાય તેવું છે. આજે જેઓ મધ્યમ વર્ગમાં ગણાય છે તેઓ પણ જો પોતાની શક્તિ મુજબ ધર્મ કરતા થઈ જાય તો તેમને શ્રીમંતોની ગરજ રહે તેવું નથી. શ્રીમંતોના સાથ વગર પણ તેમની ગાડી ચાલે તેવું છે. શ્રીમંતો પાસે માંગવા જવું અને તેમનું સાંભળવું કે 'શું અમને જ જોયા છે? અમારે પણ બીજા કામ હોય કે નહિ?' અને તેમની પાસે ન જાઓ તો એમ પણ બોલે કે 'અમને ક્યાં કંઈ પૂછે છે? એમને ઠીક લાગે તેમ કરે છે.' આવું બધું સાંભળવાનું મટી જાય. એટલે મધ્યમવર્ગ જો નક્કી કરે કે - 'આપણે ધર્મ કરવો છે તેમાં કોઈની સામે જોવાની શી જરૂર છે?' તો તેમને જરાય વાંધો આવે તેવું નથી. ધર્મી સુખીને વિનયથી હાથ જોડે પણ એ સુખી ધર્મ કરવામાં આડે આવે તો એવા મોટા ચમરબંધીની પણ પરવા ન કરે. આપણે તો કોઈ પણ કથામાં જે ઉદાર અને ગુણવાન પાત્રો હોય તેમના જેવા થવાની કોશીષ કરવાની એજ આ કથાઓ સાંભળવાનો હેતુ છે.'

હવે કહે છે કે આ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં **કાકંદી** નામની નગરી છે. નગરીનું વર્ણન કરતાં લખે છે કે તે નગરીની આજુબાજુ જળાશયોમાં સુંદર કમળો ખીલેલા હતા. નગરીને સુંદર મજબૂત કિલ્લો હતો, તે પતિવ્રતા સ્ત્રીનું મન પરપુરુષથી જેમ અલંઘિત હોય તેમ આ કિલ્લો શત્રુવર્ગથી અલંઘિત હતો. દ્વારના તોરણો પહાડની ગુફા જેવા શોભતા હતા. શરદ ઋતુના શ્વેત વાદળો જેવા મોટા મોટા પ્રાસાદોથી તે નગરી શોભતી હતી. નગરનો સ્ત્રીવર્ગ સુખી, રૂપસંપન્ન અને ગુણ સંપન્ન હતો, તો નગરનો પુરુષવર્ગ ગુરુજનોનો વિનય કરવામાં સજ્જ અને પ્રણયી જનો ઉપર વાત્સલ્ય ભાવવાળો હતો. વળી કોઈને કામ પડે અને તેમની પાસે જવું હોય તો સુખેથી તેમની પાસે જઈ શકે તેવો હતો. અર્થ ધર્મથી મળે અને ધર્મથી મળેલ અર્થ ધર્મના કામમાં છૂટથી આવે, એવું તેમનું ધન હતું. આવો પુરુષ વર્ગ હોય ત્યાં સુશીલ સ્ત્રીવર્ગ સુખપૂર્વક રહે તેમાં નવાઈ નથી. તમારી પાસે ધન કદાપિ એટલા પ્રમાણમાં ન પણ હોય પણ ધનનો લોભ ઘણો રહે છે. હૃદયમાં ધનનો પ્રેમ એવો છે કે ધર્મમાં ધન ન અપાઈ જાય તો છૂટ્યા એમ લાગે. ધર્મમાં ધન આપવાની ઈચ્છા હોય અને આપતાં જીવ ન ચાલે તો દાનાંતરાય ખટકે, આવો તમને અનુભવ થાય છે? ધન તે જ સારૂં કે જે ધર્મમાં ખર્ચાય! આવી વાત સાંભળવી તમને મીઠી લાગે તો જ સંભળાવનારને પણ તે સંભળાવતાં સ્વાદ આવે. આજકાલ દિનપ્રતિદિન પડતી થઈ રહી હોય તો તેનું કારણ ધર્મદ્રવ્યનો કોઈ ને કોઈ પ્રકારે ભોગવટો થઈ જતો હોય તે જણાય છે. પૈસા હોય તો ધર્મમાં જ લગાવવા જોઈએ એવું મનમાં બેસશે ત્યારે ઉન્નતિ થશે.

એજ નગરમાં જેનું અખંડિત ભૂજાનું પરાક્રમ છે એવો **સૂરતેજ** નામે રાજા હતો. એનું તેજ એવું હતું કે કોઈ પણ દુશ્મન રાજા તેની પ્રજાને પીડી શકતો ન હતો. એ રાજાને **લીલાવતી** નામે પટ્ટરાણી હતી. **ધનનો** જીવ **મહાશુક્ર દેવલોકમાંથી** ચ્યવીને તેની કુક્ષીમાં પુત્રપણે ઉત્પન્ન થયો. જીવ ગર્ભમાં આવ્યો ત્યારે માતાએ મૃગલંછનવાળો ચંદ્રમા પોતાના મુખદ્વારા ઉદરમાં પેસતો જોયો - તરત જાગૃત થઈ પતિ પાસે ગઈ અને વિનયપૂર્વક પતિને સ્વપ્નની વાત સંભળાવી. પતિએ પ્રસન્ન થઈને કહ્યું કે - સકલ સામંતોને સેવા કરવા લાયક ચંદ્ર સમાન તેજસ્વી એવો તારે પુત્ર થશે. ક્રમે કરીને યથાસમયે પુત્રનો જન્મ થયો. વધામણી આપનાર દાસીનું દારિદ્ર નષ્ટ થઈ જાય એટલું દાન રાજાએ આપ્યું. એક મહિના પછી ઉત્સવપૂર્વક જયકુમાર એવું નામ સ્થાપન કર્યું. રાજકુમારને ઉચિત કળાઓનું શિક્ષણ આપ્યું. બાલ્યકાળથી કુમારને રાજ્યમાં, ભોગ વિલાસમાં, જેવો રસ ન હતો તેવો ધર્માચરણ તથા ધર્મ કાર્યોમાં રસ હતો. પૂર્વભવના અભ્યાસના કારણે સંસારમાં પહેલેથી જ ચિત્ત વિરક્ત હતું.

યૌવનમાં આવેલો કુમાર એક વખત અશ્વ ખેલાવતા બહાર ઉદ્યાનમાં ગયો. **ચંદ્રોદય** નામના તે ઉદ્યાનમાં એક નિર્દોષ સ્થાનમાં **સનત્કુમાર** નામના આચાર્ય ભગવંતને બેઠેલા જોયા. તેમના રૂપ-રંગ-વય-મુદ્રા જોઈ કુમારને થયું કે આવા તેજસ્વી મહાપુરુષ સંસારની અસારતાના ઊંડા જ્ઞાન વિના ત્યાગધર્મ સ્વીકારે નહિ. આચાર્ય મહારાજના ગુણોનું અહીં વિસ્તૃત વર્ણન કર્યું છે. આચાર્ય ભગવંતો સંસારના વૈરી હોય. તેમના પ્રભાવે પાપરૂપ સંસારમાં તોડફોડ થયા વગર ન રહે. માબાપ પણ સંસાર પોષક ન મળવા જોઈએ તો ગુરુ તો કદી સંસારપોષક ન મળો એવું જ તમે ઈચ્છો ને? અહીં આ ધર્માચાર્યની વિશેષ વાતો આપણે સાંભળવાની છે પણ તેનું વિશેષ વર્ણન હવે પછી -

## (૬૭)

અનંત ઉપકારી આચાર્ય ભગવંત **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા શ્રી સમરાદિત્યના** પાંચમા ભવનું વર્ણન કરી રહ્યા છે. **ગુણસેન રાજાનો** જીવ પાંચમા ભવમાં રાજપુત્ર **જયકુમાર** થયા છે. એક વખત અશ્વ ખેલાવતા ઉદ્યાનમાં ગયા. ત્યાં આ.ભ. **શ્રી સનતકુમારના** દર્શન થયા. જોઈને પ્રેમ જાગ્યો. સાધુ ઉપર પ્રેમ થાય તેમાં ઉદયભાવ પણ હોઈ શકે છે પણ સાધુપણા ઉપર પ્રેમ થાય તો તે ક્ષયોપશમ ભાવનો જ હોય. આપણે ત્યાં **ચિત્ર** અને **સંભૂતિ મુનિની** વાત આવે છે: એક **બ્રહ્મદત્ત ચક્રવર્તી** નો જીવ અને બીજો પૂર્વભવના ભાઈનો જીવ, જે વર્તમાનમાં મુનિ છે. મુનિ **બ્રહ્મદત્તને** પ્રતિબોધ કરવા આવે છે. **બ્રહ્મદત્તને** પૂર્વ ભવના સ્નેહના કારણે મુનિ ઉપર પ્રેમ બહુ થાય છે. મુનિ તેને સાધુ થવાનો ઉપદેશ આપે છે, ત્યારે તે મુનિને કહે છે કે- તમે શું કરવા આ કષ્ટ સહન કરો છો? અહીં આવી જાઓ અને મારી સાથે રહી ઈચ્છા મુજબ ભોગ ભોગવો! જુઓ, મુનિ ઉપર કેવો પ્રેમ છે? પણ મુનિપણા ઉપર પ્રેમ નથી. મુનિપણા ઉપર પ્રેમ હોવો એ મોટી ચીજ છે. વ્યક્તિગત મુનિની અવગણના પણ

કોઈ વખત કોઈ કારણસર થઈ જાય પણ મુનિપણાની તો અવગણના ન જ થવી જોઈએ.

**ગૌતમ મહારાજાથી** ખેડૂત બોધ પામ્યો. સાધુ થયો. પણ ભગવાન પાસે આવ્યો અને ભગવાનને જોઈ ઓઘો મૂકી ભાગ્યો. સમવસરણમાં બેઠેલા ઈંદ્ર મહારાજાએ આ જોઈ ભગવાનને કહ્યું કે '**ભગવંત**! આવો?' આને શું થઈ ગયું?' ભગવંત કહે-'એની આશાતના ન કરો! એ જીવ પામી ગયો. એને મારી ઉપર પૂર્વભવનો દ્વેષ હતો એટલે મને જોઈને એ ભાગી ગયો.' તો તમને હવે સમજાય છે ને કે મુનિપણાનો અરાગ ન થઈ જાય તે માટે બરાબર સાવધ રહેવું?

**ધનનો** જીવ રાજપુત્ર **જયકુમાર** થયો છે. એને જન્મથીજ ધર્મ પ્રત્યે રાગ છે. ગુરુને જોઈને એકદમ આનંદ થયો. તમને મરતાં સુધી પણ સંસારના પદાર્થો ઉપરથી રાગ જાય એવું લાગે છે? 'આ રાગ કેટલો ખરાબ છે? હજુ જતો નથી- મરતા સુધીમાં જાય તો સારૂં' આવું મનમાં ક્યારેય પણ થાય છે? સાધુપણું પાળવા છતાં સંસારથી અરાગ છે કે નહિ, અંતરમાં રોજ તપાસવું ઘટે- શ્રાવકપણું પાળે, જિનપૂજાદિ કરે, તે બધાએ પણ પોતાના આત્માની અંદર આ તપાસ તો કરવી જ જોઈએ. જો આ તપાસ ન થતી હોય તો ચાર ભવ વંચાઈ ગયા અને તમે સાંભળ્યા, તેમ બાકીના પણ વંચાઈ જશે અને સંભળાઈ જશે પણ આત્મામાં તેનું ફળ આવવું જોઈએ તે કેમ આવશે? તમારી પાસે થોડી ધર્મની ક્રિયા કરાવવી હોય તો પણ બહુ બીજી વાતો કરવી પડે, એ ધર્મનો રાગ કેટલો છે તે બતાવે છે.

**જયકુમારને** સ્વભાવથી જ સંસાર અસાર લાગતો હતો, વ્યાખ્યાનો સાંભળ્યા વિના પણ. આપણને રોજ સાંભળવા મળે છે પણ દિલમાં હજી સંસાર અસાર લાગતો નથી. એ સંસારમાં છે, રાજભોગ ભોગવે છે, આમ છતાં તેના હૈયામાં સંસાર અસાર બેઠો છે. ધર્મગુરુ **સનતકુમાર આચાર્ય** મળ્યા. તેમને જોતાંની સાથે જ **જયકુમારને** શું શું વિચાર આવ્યા? શી શી વાત કરે છે? કેવા કેવા પ્રશ્નો કરે છે? એ બધું જોતાં **જયકુમારનું** દિલ સમજાઈ જાય. તમારે પણ આ બધું શીખવું જોઈએ. સાધુ પાસે કેવી રીતે જવાય કેવી વાતો કરાય અને શું પૂછાય, વગેરે.

હવે **સનતકુમાર આચાર્ય ભ.** નું વર્ણન કરતાં અહીં જણાવે છે કે- તેઓ તપતેજથી સૂર્ય જેવા, સૌમ્ય પ્રકૃતિથી ચંદ્ર જેવા, તેમની પાસે આવેલા કષાયાકુલ જીવો પણ તેઓમાં યોગ્યતા હોય તો શાન્ત થઈ જાય એવા, ગંભીરતાના સાગર, ઉત્તમ રત્નરાશી જેવા ગુણવાન, લાવણ્યથી કામદેવ જેવા, શરીરની મનોહરતાથી દેવ જેવા, જેમનામાં એક પણ દોષ જોવામાં ન આવે એવા સાક્ષાત્ મોક્ષના આત્મા જેવા, **શ્વેતામ્બીનગરીના યશોવર્મા** રાજાના પુત્ર હતા. સાધુ લિંગ ધારણ કરી, સ્વપર શાસ્ત્રના પારંગત બની અનેક સાધુઓના પરિવાર સાથે પધારેલા **ચંદ્રોદય ઉદ્યાનમાં** દૂરથી **જયકુમારે** તેમને જોયા-સ્વભાવથી સંસાર અસાર લાગતો હોય તેને આવા આચાર્યનો યોગ મળે એટલે સોનામાં સુગંધ મળ્યા જેવું થાય ને? અને જેને સંસાર સાર લાગે તેને તીર્થંકરદેવ મળે તો પણ શું લાભ થાય? ભગવાનના સમવસરણમાં ગયેલા અને ભગવાનની દેશના સાંભળી હોય તેવા પણ ઘણાં જીવો આજે સંસારમાં રખડે છે.

તમારે તો ધર્મ લેવો છે એમાં શંકા નથી ને? અમે તમને ધર્મ આપી શકતા નથી એજ વાંધો નડે છે ને? કે રોજ સાંભળવા છતાં સંસાર આત્માને ગમે છે માટે ધર્મ લેવાની ઈચ્છા થતી નથી? જેમ લક્ષ્મી મેળવવાની ઈચ્છા છે એવી ધર્મ મેળવવાની ઈચ્છા હોય તો આજે સામગ્રી મળે તેમ છે ને? પણ તમારે તો ધર્મ કરવામાં મનને, તનને કે ધનને સહેજ પણ ઘસારો ન પહોંચવો જોઈએ એવું હોય, એટલે પછી ધર્મ શી રીતે આવે? નહિતો અહીં નજીકમાંજ તીર્થભૂમિઓ કેટલી છે? ત્યાં ખર્ચ પણ માગે છે ને? પણ પૈસો કાઢવો પોસાતો નથી. સામાન્ય પચ્ચખાણ આદિ ધર્મ જે વગર પૈસે થાય તેવો છે, તે પણ કરવાનું મન થતું નથી. કૃપણ માણસ સ્ત્રીના આગ્રહથી બજારમાં જાય, સારી વસ્તુ જુએ પણ લીધા વગર પાછો આવે અને કહે કે 'લેવા જેવી કોઈ ચીજ લાગી નહિ, બજારમાં સારો માલ જ મળતો નથી.' આવી તમારી હાલત છે. પૈસા હોવા છતાં પૈસાથી થતો ધર્મ જે નથી કરી શકતા તે વિરતિધર્મ શું કરવાના?

શાસ્ત્રે સામાન્ય માણસ માટે સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ વગેરે ધર્મનો ઉપદેશ આપવાનું અમને કહ્યું અને સુખી માણસ માટે પહેલો પૈસાથી થતો ધર્મ બતાવવાનું કહ્યું. ચક્રવર્તીઓ, વાસુદેવો, તીર્થંકરો વગેરે સામાન્ય દેશવિરતિ ધર્મ નથી કરી શકતા પણ જ્યારે કરશે ત્યારે બીજાઓ એમની હોડ નહિ કરી શકવાના. સાધુપણાનો પ્રેમ એમનો જોરદાર હોય. શાસનની પ્રભાવના કરવાની

સામગ્રી એમની પાસે બહુ હોય. હજારોને ધર્મ તેઓ કરાવી શકે. એવા એ વિરતિની ક્રિયા કરનારાઓની ભક્તિ બહુ કરે. પોતાની જાતને અધન્ય અને વિરતિધરને ધન્ય માને. તેમને આમંત્રિત કરી બહુમાનપૂર્વક તેમની ભક્તિ કરે. ઘરે પધારે ત્યારે ઘરબહાર જઈ હાથ જોડી આવકારે. કહે કે આપ જેવા વિરતિધરના અમારા ઘેર પગલા ક્યાંથી? પધારો! બધાને એક અસ્ત્રે ન મુંડાય. જેનામાં જે ધર્મની યોગ્યતા હોય, તેને માટે તે તે ધર્મ કહ્યા છે. નવકારસી પણ ન કરી શકનારા હોય, છતાં શાસનની પ્રભાવના રોજ સુંદર કરતા હોય. તમે કહેશો કે શ્રાવક ચતુષ્પદના નિયમવાળો હોય. હવે ચક્રવર્તીને ચતુષ્પદ કેટલા? ચોરાશી લાખ તો હાથી અને બીજા ઘોડા વગેરે કેટલા? એટલે એ શ્રાવક નહિ ને? પૂર્વે ઘણા મહાભોગીઓ, હતા જે વિરતિ નહોતા કરી શકતા, ચોસઠ ઈંદ્રો પણ કેવા? એ બધા વિરતિ કાંઈ ન કરી શકે, પણ શાસન પ્રભાવનાના ઘણાં કામો તેઓ કરે, જે બીજા ન પણ કરી શકે. સમવસરણમાં આવે ત્યારે ઈંદ્રો આગળ બેસે.

સમ્યક્ત્વની ક્રિયાઓ અને વિરતિની ક્રિયાના અધિકારી જીવો જુદા જુદા છે. તમને મળેલા તુચ્છ ભોગો પણ રોગ નથી લાગતા જ્યારે એમને મળેલા મહાભોગો ભોગવતાં પણ એમને એ રોગ લાગતા હતા. તમે તો અત્યારે કાંઈ ભોગો નથી ભોગવતા પણ કચરો જ ઉપાડો છો. આમ છતાં તમને સંસાર અસાર નથી લાગતો. સંસારનો વિરાગ નથી આવતો પણ સંસાર મીઠો લાગે છે- **જયકુમાર** મહાસુખી છતાં વિરાગી જીવ છે. એમની પાસે લક્ષ્મી ઘણી છતાં રાગ નહિ, તમારી પાસે લક્ષ્મી મામુલી પણ રાગ ઘણો.

આવા ઉત્તમ ધર્માચાર્યને જોઈને **જયકુમારને** મનમાં ને મનમાં સંવેગ પેદા થઈ ગયો. નિર્વેદ તો હતો જ. વિચારે છે કે- સંસાર છોડવા લાયક જ છે નહિ તો આવા મહાપુરુષ કેમ છોડે? સુરલોકમાં પણ દુર્લભ એવી સામગ્રી અયત્ને જેમને મળી હોય એવા એવા પણ જો સંસાર અસાર ન હોય તો કેમ છોડે? માટે સંસાર છોડવા લાયક જ છે. (તીર્થંકરના સેવકોને સંસાર સેવવા લાયક લાગે કે છોડવા લાયક?) સંસારને સારભૂત માનનારો તીર્થંકરનો સેવક હોય જ નહિ. **જયકુમાર** વિચારે છે કે 'આ મહાપુરુષ કોણ છે અને તેમને ત્યાગ કરવાનું કારણ શું?' એ પૂછું- એમ વિચારીને ગયો, વંદન કર્યું, શેષ સાધુઓને પણ વંદન કરી આ.ભ. સામે બેઠો. તેઓશ્રીએ ધર્મલાભ આપ્યા. પછી હાથ જોડી કહે છે કે **'ભગવન્!** સંસાર અસાર છે. કોણ એવો વિદ્વાન છે કે જેને આ સંસાર નિર્વેદનું કારણ ન લાગે! છતાં પણ કાંઈને કાંઈ બાહ્ય નિમિત્ત પણ નિર્વેદમાં કારણ હોય છે. કૃપા કરી આપના એવા નિર્વેદનું કારણ હોય તે ફરમાવો. વળી આપ કોણ છો? એ પણ જાણવાની જિજ્ઞાસા છે.

પ્રશ્ન સાંભળી આ.ભ. વિચારે છે કે 'અહો! કેવી છે આની વચન પ્રયોગની કુશળતા? આને ન કહું તો ઠીક નહિ' કહે છે કે- સંસાર બૂરો તને લાગી ગયો છે અને જાણવાનું કૌતુક છે માટે તને કહું છું-

**ચિત્રાંગદ** નામના વિદ્યાધર શ્રમણનો મને સંયોગ થયો. મને બહુ આનંદ થયો. તેમણે મારી પૂર્વાવસ્થાની વાત મને સંભળાવી. તેમાં થોડા પાપનો વિપાક પણ બહુ ભયંકર થયો એ સાંભળ્યું તેથી મેં સસાર છોડી સાધુપણું સ્વીકાર્યું.

આ જ ભરતક્ષેત્રમાં **શ્વેતાંબીકા** નગરીના **યશોવર્મા** રાજાનો હું **સનત કુમાર** નામે પુત્ર છું. મારા જન્મ વખતે જ્યોતિષીઓએ કહ્યું કે - આ વિદ્યાધરોનો રાજા થશે. પિતાને હું બાલ્યકાળથી જ પ્રિય હતો. એક વખત કેટલાક લોકો ચોરી કરતા પકડાયેલા. પિતાએ તેમના વધની આજ્ઞા ફરમાવેલી. તેમને વધસ્થાને લઈ જવાતા હતા. એટલામાં હું અશ્વ ખેલાવવા ગયેલો. ચોરોએ મને જોયો. મારા પગમાં પડી શરણ માગ્યું. મને દયા આવી. મેં તેમને છોડાવ્યા. નગરના લોકો નારાજ થયા. પિતા પાસે જઈ વિનંતિ પૂર્વક તેમના દુઃખની વાત કરી. પિતાએ કહ્યું કુમાર બાળક છે. બધું ઠીક થઈ જશે. તમે જાઓ! કોટવાળને બોલાવી પિતાએ હુકમ કર્યો કે કુમાર ન જાણે અને લોકો જાણે તે રીતે તમે ચોરોનો વધ કરી નાંખો. કોટવાળે ચોરોને ફરી પકડી તેમનો વધ કરી નાંખ્યો. મને આની ખબર પડી. પિતા ઉપર ગુસ્સો આવ્યો. પિતાના રાજ્યમાં રહેવું નહિ એમ નક્કી કર્યું. પરિવારે રોકવા પ્રયત્ન કર્યા તે છતાં હું ચાલી નીકળ્યો. મારો એક ખાસ મિત્ર નગરમાં હતો તેને ખબર પડી. મેં ના પાડવા છતાં તે મારી સાથે થયો. તેણે પણ મને સમજાવવા પ્રયત્ન કર્યો. મેં કહ્યું જે રાજ્યમાં હું દયા ન કરી શકું તે રાજ્યને પણ મારે શું કરવું છે? મિત્રને સાથે લઈ હું નીકળી ગયો. (હવે જુઓ પુણ્યશાળીને શું થાય છે? પિતાને છોડીને જાય છે તો પિતા જેવા બીજા રાજા મળી જાય છે.) આગળ ક્યાં જાય છે, શું થાય છે, એ હકીકત પોતે કહી રહ્યા છે, તે હવે પછી-

*(ક્રમશઃ)*

(અનુસંધાન પાના નં. ૨૪ પરથી)

ભારતભરના જૈન સંઘોને આમંત્રિત કરાયા. પધારનારા સંઘજનો આ અવસરને સુપેરે માણી શકે તે માટે આસપાસની ૧૫ ધર્મશાળાઓમાં ઉતારાની સુંદર સગવડ કરવામાં આવી હતી. "નૂતન ગચ્છાધિપતિશ્રી"ના ૫૬ વર્ષના સંયમ પર્યાયની અનુમોદનાર્થે ૫૬ લઘુ કમાનો તથા ૬ મોટી કમાનો દ્વારા તલેટી માર્ગને સુશોભિત કરવામાં આવ્યો હતો. તે કમાનો પર ઝુલતા ગુજરાત તથા મહારાષ્ટ્રના શ્રી સંઘોના શુભેચ્છા અર્પતા બેનરો "નૂતનગચ્છાધિપતિશ્રી" ની સંઘપ્રિયતાનું બયાન કરતા હતા. મહોત્સવ માટે મહારાષ્ટ્ર ભુવનના પ્રાંગણે સુંદરતમ મંડપનું નિર્માણ કરવામાં આવ્યું હતું તે મંડપને નિત્ય નવી રીતે શણગારવામાં આવતો હતો. તેના કેન્દ્રસ્થાને પૂ. "વાત્સલ્યવારિધિશ્રી" તથા "નૂતન ગચ્છાધિપતિશ્રી" ની નિશ્રામાં ૨૦૬૧ ની સાલે થયેલ ઉપધાન તપની ઉપજમાંથી નિર્માણ પામેલ કાષ્ઠકલાત્મક કલ્યાણકરથમંદિરને સ્થાપવામાં આવ્યું હતું. તેના અગ્રભાગે જેસર ગામેથી પધારેલા ૨૨૦૦ વર્ષ પ્રાચિન સંપ્રતિકાલિન શ્રી પદ્મપ્રભપ્રભુની હૃદ્યાભિરામ પ્રતિમાને બિરાજિત કરવામાં આવ્યા હતાં. તથા હસ્તગિરિથી પધારેલા સુવર્ણમઢ્યા પ્રભુજીને ચતુર્મુખ સ્થાપિત કરવામાં આવ્યા હતાં. તે સર્વ પ્રભુજીનો ઉજવાયેલ પાવન-પ્રવેશોત્સવ આ પદપ્રતિષ્ઠા મહોત્સવનું પ્રથમ મંગલ બનવા પામ્યું હતું.

**ચૈત્ર વદ દ્વિતીય ૧૩ તા.૧-૫-૨૦૧૧ રવિવારઃ**

આજે મહોત્સવનો પ્રથમ દિવસ હતો. શરણાઈ-ચોઘડિયાના મધુર સૂરો દ્વારા વાતાવરણ મંગલમય અને ઉત્સવમય બન્યું હતું. સવારે મંગલમુહૂર્તે શ્રી કુંભસ્થાપના, દીપકસ્થાપના, જવારારોપણનું મંગલ વિધાન ભાવોલ્લાસ સાથે સંપન્ન થયું. ત્યારબાદ તરત જ શ્રી નવગ્રહાદિ પાટલા પૂજન ભણાવવામાં આવ્યું હતું. આ ઉભય પ્રસંગોનો લાભ મંડારનિવાસી મિલાપચંદજી ઉત્તમચંદજી બોકડિયા પરિવાર. હસ્તે મુકેશભાઈ પુનાવાલાએ લીધો હતો. તેમનો સંપૂર્ણ પરિવાર આ પ્રસંગે ઉપસ્થિત રહ્યો હતો. શ્રીયુત્ નવિનભાઈ જામનગરવાલાએ શુદ્ધ વિધિવિધાન કરાવ્યા હતા તથા રાજીવભાઈ બારોટે સંગીતના સૂરો પૂર્યા હતા. આ ઉભય પ્રસંગોમાં "નૂતન ગચ્છાધિપતિશ્રી" અથથી ઈતિ સુધી ઉપસ્થિત રહ્યા હતા. પ્રસંગબાદ રુપિયા ૧૦ ની પ્રભાવના કરવામાં આવી હતી. રાત્રે પ્રભુભક્તિ ભાવનામાં નિલેશભાઈ માલેગામવાલા તથા કૌશિકભાઈ પાલીતાણાવાલાએ પ્રભુભક્તિનો રંગ જમાવ્યો હતો.

**ચૈત્ર વદ ૧૪ તા.૨-૫-૨૦૧૧ સોમવાર :**

મહોત્સવના આજના બીજા દિને **"શ્રી પાર્શ્વપંચકલ્યાણક પૂજા"** અનેરા ઠાઠ સાથે ભણાવાઈ હતી. પંચકલ્યાણકોના મોટા ચિત્રપટો સુંદર રીતે ગોઠવવામાં આવ્યા હતા. વિશિષ્ટ નૈવેદ્ય-ફ્લો મૂકવામાં આવ્યા હતા. કૌશિકભાઈ બારોટ તથા નિલેશભાઈ મર્ચન્ટે રાગ-રાગિણીઓમાં આ પૂજા સુંદર રીતે ભણાવી હતી. પૂજા બાદ ૧૦ રુપિયાની પ્રભાવના થઈ હતી. રાત્રે ભક્તિભાવનામાં કૌશિકભાઈએ સૌને પ્રભુભક્તિમાં ભીંજવી દીધા હતા. આ પૂજાનો લાભ ભુજપુર નિવાસી કાંતિલાલ મોહનલાલ શાહ પરિવાર પુનાવાલાએ લીધો હતો.

**ચૈત્ર વદ ૧૪ તા.૩-૫-૨૦૧૧ મંગળવારઃ**

રોજ બહુસંખ્ય ભાવિકોનું આગમન ગામોગામથી થતું હતું. તેમાં પણ આજે મહારાષ્ટ્રના નાસિક-સંગમનેર આદિ અનેક ગામોમાંથી ભાવિકો અનેક બસો-ભરીને આવ્યા હતા.. મહોત્સવના આજના તૃતીય દિને **શ્રી વીસસ્થાનક મહાપૂજન** ભવ્યતાથી ભણાવાયું હતું. ૨૦ સુવર્ણવર્ણી કમળોમાં ૨૦ પ્રભુ પ્રતિમાઓને બહુમાન પૂર્વક પધરાવવામાં આવ્યા હતા. દરેક પ્રભુજી આગળ બબ્બે પૂજકો ગોઠવાયા હતા. પૂજન વખતે દરેક પદની પૂજા પણ ગાવામાં આવી હતી. પૂજનનો લાભ જુનાડીસાનિવાસી શારદાબેન શાંતિલાલ મોતીલાલ શાહ પરિવાર નાસિકવાલાએ લીધો હતો. પૂજનમાં હિમાંશુભાઈ વડોદરાવાલા તથા કૌશિકભાઈએ સંગીત પીરસ્યું હતું. પૂજન બાદ ૧૦ રુપિયાની પ્રભાવના થઈ હતી. રાત્રે નંદપ્રભાપ્રાસાદે દીવડાઓના દિવ્ય ઝગમગાટ વચ્ચે ભક્તિભાવના થઈ હતી તેમાં વડોદરાથી પધારેલા સંગીતજ્ઞ શ્રી સચિનભાઈ લિમયેએ સૌને પ્રભુભક્તિમય બનાવી દીધા હતા.

### વૈશાખ સુદ ૧ તા.૪-૫-૨૦૧૧ બુધવારઃ

દિવસે દિવસે પ્રસંગનો રંગ વધુને વધુ જામતો હતો. મહોત્સવના આજના ચર્તુથ દિને સવારે ૧૦.૦૦ કલાકે મહારાષ્ટ્રભુવનના માંડવડે પૂ.આ.ભ. શ્રી ભુવનભૂષણ સૂરીશ્વરજી મ.સા. તથા ''નૂતન ગચ્છાધિપતિશ્રી''ના માર્મિક પ્રવચન થયાં હતાં. પ્રવચન બાદ બે પુણ્યાત્મા પરિવારો તરફથી રુપિયા ૬ નું સંઘ પૂજન થયું હતું. વિજય મુહૂર્તે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજનનો પ્રારંભ થયો. ૧૦૮ પાર્શ્વપ્રભુની પ્રતિકૃતિને હાર ચઢાવવામાં આવતો હતો તથા દીપક-ફળ-નૈવેદ્ય વગેરે ધરવામાં આવતા હતા. પૂજનમાં હિમાંશુભાઈ તથા કૌશિકભાઈએ સંગીતનો સાથ આપ્યો હતો. પૂજન બાદ રુપિયા ૧૦ ની પ્રભાવના થઈ હતી. સાંજે નંદપ્રભા પ્રાસાદે સુંદર મહાપૂજાનું આયોજન થયું હતું. મૂળનાયક પ્રભુજીને સુવર્ણવરખની આંગી કરવામાં આવી હતી અન્ય પ્રભુજીને નયનરમ્ય અંશુકો પરિધાન કરાવ્યા હતા. જિનાલયને પુષ્પો અને દીવડીઓની માળાઓથી સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું રાત્રે ભક્તિભાવનામાં સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રી જયદીપભાઈ સ્વાદિયાએ પ્રભુભક્તિનો અપૂર્વ માહોલ ખડો કર્યો હતો. પૂજન, મહાપૂજા તથા ત્રિકાળ સાધર્મિકભક્તિ એમ આજના સંપૂર્ણ દિવસનો લાભ રાજનગર નિવાસી માણેકલાલ મોહોલાલ ઝવેરી પરિવાર હસ્તે હેમેન્દ્રભાઈ વાલકેશ્વરવાલાએ લીધો હતો.

### વૈશાખ સુદ ૨ તા.૫-૫-૨૦૧૧ ગુરુવારઃ

મહોત્સવનો આજે પરમ અને ચરમ દિવસ હતો. વહેલી સવારથી જ પાલિતાણાના રાજમાર્ગો પદપ્રતિષ્ઠા પર્વ ને માણવા આતુર ભાવિકોથી ઉભરાતા હતા. ભારતભરમાંથી આવેલા હજારો ભાવિકોને નિહાળી આજે જ જાણે અખાત્રીજ ન હોય એવો અનુભવ પાલીતાણાવાસીઓને થયો હતો. પદપ્રતિષ્ઠાનો આ ઐતિહાસિક પ્રસંગ કસ્તુરધામના પ્રાંગણે ઉજવવાનું નિશ્ચિત હતું. પરંતુ કુદરતી આફતને લીધે રાતોરાત મહારાષ્ટ્ર ભુવનના માંડવડે આ પ્રસંગ ઉજવવાનું નિર્ણિત થતાં માત્ર ૭ થી ૮ કલાકના ટુંકા સમયગાળામાં ઉત્સાહી કાર્યકરોએ મંડપનો દેદાર બદલી નાંખ્યો હતો. કાચકલાથી શોભતા રમણીય સ્ટેજની ગોઠવણ કરવામાં આવી હતી તેમાં પૃષ્ઠભાગે પૂ. શ્રી આત્મારામજી મ. આદિ પાટપરંપરાની પ્રતિકૃતિઓને સરસરીતે જડવામાં આવી હતી. પ્રવચન પીઠના કેન્દ્રસ્થાને તપાગચ્છાધિરાજ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની યુવાવસ્થાની આબેહુબ સુવર્ણવર્ણી પ્રતિમાને (મોડલ) સ્થાપવામાં આવી હતી. જાણે સાક્ષાત્ મહારાજજીજ બેઠા હોય એવો અહેસાસ થતો હતો. ખાસ વિધિવિધાન માટે વીસનગરથી લવાયેલી રજતમય નાણને રંગબેરંગી ફૂલોના બુકેથી શણગારી સ્ટેજના મધ્યભાગે ગોઠવવામાં આવી હતી. તેમાં જડતરની આંગીથી ઓપતા ચુતુર્મુખ પ્રભુજીને પધરાવવામાં આવ્યા હતા. પૂજ્યોની પધરામણી થાય તે પૂર્વે જ આ ઐતિહાસિક અવસરને નિહાળવા આતુર હજારો ભાવિકોથી વિધિમંડપ હકડેઠઠ ભરાઈ ગયો હતો. ''પૂ. ગચ્છસ્થવિર શ્રી'' ને આ મહાપ્રસંગે મુખ્ય નિશ્રા પ્રદાનાર્થે પધારવાની વિનંતી કરવા ચતુર્વિધ શ્રી સંઘ કસ્તુરધામે એકત્રિત થયો હતો. સવારે ૮.૦૦ ક. કસ્તુરધામેથી સામૈયાનો શુભારંભ થયો, માર્ગમાં આવતી આધોઈ ધર્મશાળામાં દાંતરાઈ નિવાસી મોહિની દેવી શાંતિલાલજી કાંકરિયા પરિવારના અત્યાગ્રહથી વર્ષીતપના પારણા નિમિત્તે પૂજ્યોના પાવન પગલા થયા હતા. ત્યાં ગુરુવંદનાદિ વિધિ સંપન્ન થયા બાદ સંઘપૂજન થયું હતું. ત્યારબાદ સામૈયું મહારાષ્ટ્ર ભુવનના પ્રાંગણે આવ્યું ત્યાં ગહુંલીઓ થઈ બાદ ગુરુ મંદિરમાં બિરાજમાન ઉપકારી ગુરુભગવંતોને વંદના કરી જયનાદ અને વાજિંત્રનાદથી ગુંજી ઉઠેલા ભવ્યમંડપમાં પૂજ્યોની પધરામણી થઈ. પૂજ્યોએ સ્વોચિત સ્થાનને અલંકૃત કર્યા બાદ ગુરુવંદન માંગલિકાદિ વિધિ સંપન્ન થયો. ત્યારબાદ અમદાવાદથી પધારેલા સુશ્રાવક નરેશભાઈએ પ્રસંગની શાબ્દિક પૂર્વભૂમિકા રચી. શુભમુહૂર્તે ''નૂતન ગચ્છાધિપતિશ્રી''એ પ્રારંભિક મંગલ સ્વરુપ પરમાત્મા સમક્ષ નવકાર ગણવા પૂર્વક ત્રણ પ્રદક્ષિણા આપી તે સમયે ''ઓ નૂતન ગણરાયા! હવે શુભ મંગલ કરજો, પાવન પદવી પામી શાસન ઉજવલ કરજો'' આ પ્રાસંગિક ગીત દ્વારા વાતાવરણ ભાવાર્દ્ર બની ગયું હતું. ત્યારબાદ જેઓની આજે આચાર્યપદવી હતી એવા શ્રુતસ્થવિર પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયરાજશેખરસૂરીશ્વરજી મહારાજાના તપસ્વી શિષ્યરત્ન પૂ. પંન્યાસપ્રવર શ્રી રવિશેખર વિજયજી મ. તથા ૬ વડી દીક્ષાર્થીઓએ વિધિવત્

ત્રણ પ્રદક્ષિણા આપતા ગચ્છાધિપતિ પદ પ્રદાન. સૂરિપદ પ્રદાન તથા વડીદીક્ષા પ્રદાન ના મંગલવિધિનો શુભારંભ થયો. ચતુર્વિધ શ્રી સંઘ વિધિના આ ત્રિવેણી સંગમરુપ અપૂર્વ દ્રશ્યને વિસ્ફારિત નયને નિહાળતા હતા. પૂ.આ.ભ. શ્રી ભવ્યભૂષણ સૂરીશ્વરજી મ.સા. દ્વારા બોલાયેલા બૃહન્નંદીસૂત્રને સભાએ શાંતિપૂર્વક સાંભળ્યું હતું. વધામણાના અવસરે અવર્ણનીય માહોલ સર્જાયો હતો. ચતુર્વિધ શ્રી સંઘે ''નૂતન ગચ્છાધિપતિ શ્રી'' આદિને હૈયાના અત્યંત ઉમળકાથી વધાવ્યા હતા. ત્યાર બાદ નૂતન ગચ્છાધિપતિશ્રી તથા નૂતન આચાર્યશ્રીને માળા. સૂરિમંત્રનો પટ તથા સ્થાપનાજી અર્પણ કરવાની ૬ ઉછામણીઓ ઉલ્લાસભેર બોલાઈ હતી. ''નૂતન ગચ્છાધિપતિશ્રી''ને માળા અર્પણ કરવાનો લાભ શ્રીમતી શારદાબેન શાંતિલાલ મોતીલાલ શાહ પરિવાર નાસિકવાલાએ તથા સૂરમિંત્રપટ અને સ્થાપનાજી અર્પણ કરવાનો લાભ શ્રીયુત્ માણેકલાલ મોહોલાલ ઝવેરી પરિવાર વાલકેશ્વરવાલાએ લીધો હતો. તેમ જ નૂતન આચાર્યશ્રીને માળા અર્પણ કરવાનો લાભ શ્રીમતી વિમલાબેન હિંમતલાલ બાવચંદ દોશીપરિવાર સાવરકુંડલાવાળાએ, સૂરિમમંત્રનો પટ અર્પણ કરવાનો લાભ શ્રીમતી દિવાળીબેન કિસનલાલ ધોડાવત પરિવાર દહાણુવાળાએ તથા સ્થાપનાજી અર્પણ કરવાનો લાભ ગિરિરાજ દાદા પરિવાર હસ્તે નિપુણભાઈએ લીધો હતો.. મંગલ મુહૂર્તે ગચ્છાનુજ્ઞા પ્રદાન તથા સૂરિમંત્ર પ્રદાનની મહત્ત્વપૂર્ણ વિધિ સંપન્ન થયા પછી ગુરુપૂજન + કામળી વહોરાવવાની નામકરણ કરવાની તથા ગચ્છાધિપતિ પદ પ્રતિષ્ઠા થયા પછી ''નૂતન ગચ્છાધિપતિ શ્રી''ને સકલ સંઘવતી પ્રથમવખત વધાવવાની આ પ્રમાણે ત્રણ ઉછામણીઓ બોલાઈ હતી જેનો લાભ અનુક્રમે શ્રીમતી કંચનબેન જેઠમલજી લુણાવત પરિવાર નાસિકરોડવાલાએ... તથા કાંતિલાલમોહનલાલ શાહ પરિવાર પુનાવાલાએ લીધો હતો. ગુરુપૂજનાદિ વિધિ પત્યા બાદ ''પૂજ્ય ગચ્છસ્થવિરશ્રી''એ પાટ ઉપરથી ઉતરીને પોતાના સ્થાને નૂતન ગચ્છાધિપતિશ્રી તથા નૂતન આચાર્યશ્રીને સ્થાપીને સકલ સંઘ સહિત દ્વાદશાવર્ત વંદન કર્યું હતું. આદુર્લભ દ્રશ્યને નિહાળી સભા વિસ્મિત થઈ ગઈ હતી. આ અવસરે આજીવન શ્રુતોપાસક પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજા લિખિત બૃહત્કલ્પસારોદ્ધાર.. ''નૂતન ગચ્છાધિપતિશ્રીએ રાધનપુર મુકામે 'માનવ જીવનની મહત્તા' આ વિષય ઉપર આપેલા પ્રવચનનું હિન્દી સંસ્કરણ પામેલું પુસ્તક પ્રવચન જ્યોત.૧.. પૂ. મુનિરાજ શ્રી ધર્મશેખર વિજયજી મ. સંપાદિત ભાષ્યત્રયમ્ તેમજ ''નૂતન ગચ્છાધિપતિ શ્રી''ના જીવનનો બિન્દુમાત્ર પરિચય આપતું ''પરિચય બિન્દુ'' નામનું સચિત્ર પુસ્તક આ ચારેય પુસ્તકોનો વિમોચન વિધિ સંપન્ન થયો હતો. ત્યારબાદ સકલ સંઘને જેની પ્રતિક્ષા હતી તેવું હિતશિક્ષા પ્રવચન ''નૂતન ગચ્છાધિપતિશ્રી''એ ફરમાવ્યું હતું તેમાં જીવનના ઉપકારી પૂજ્યોનું તથા સમુદાયના વડીલ પૂજ્યોનું કૃતજ્ઞતા સભર સ્મરણ કરીને જિનાજ્ઞાની મહત્તા સમજાવી હતી ''નૂતન ગચ્છાધિપતિ શ્રી'' ની આ હૃદયસ્પર્શિ-વેધક હિતશિક્ષાનું શ્રવણ કરી સકલ શ્રી સંઘ સ્તબ્ધ બની ગયો હતો. ત્યારબાદ પૂ. ગચ્છસ્થવિરશ્રીએ સુંદર હિતશિક્ષા ફરમાવી હતી. આ પ્રસંગે જીવદયાની સુંદર ટીપ થવા પામી હતી અનેક પુણ્યાત્માઓએ નૂતન ગચ્છાધિપતિ શ્રીના ૫૬ વર્ષીય સંયમ જીવનની અનુમોદનાર્થે ૫૬,૦૫૬ રુ. તથા ૫૬૫૬ રુ. જીવદયામાં નોંધાવ્યા હતા. આ પ્રસંગ દરમ્યાન સાવરકુંડલા જૈન સંઘે ચાર્તુમાસિક પ્રવેશ અંગેના મંગલ મુહૂર્તની માંગણી કરી હતી તથાઅજબાણી પરિવારના વિનોદભાઈએ પાલીતાણામાં ચોમાસું થાય તે માટે પુનઃ પુનઃ વિનંતી કરી હતી. તથા વિવિધ પુણ્યાત્માઓ તરફથી ૨૦૦ રુપિયા તથા ગોળનો રવો અને ધાણાની પ્રભાવના થઈ હતી. આ રીતે સવારના ૮.૩૦ ક. પ્રારંભિત થયેલો આ ઐતિહાસિક પ્રસંગ પૂર્ણ થયો ત્યારે ઘડિયાળમાં પોણા બે વાગ્યા હતા. પ્રસંગ બાદ મહારાષ્ટ્ર ભુવન જિનાલયે તથા ગુરુમંદિરે દર્શન-વંદન કરી મુખ્યમાર્ગે સવાદ્ય પૂજ્યો નંદપ્રભા પરિસરે પધાર્યા. ત્યાં મહારાષ્ટ્રના ગુરુ ભક્તોએ ''નૂતન ગચ્છાધિપતિ શ્રી'' ને વધાવવા માટેની શાનદાર તૈયારીઓ કરી હતી. નંદપ્રભાના મુખ્યદ્વારથી લઈને ધર્મશાળા સુધીમાં ''નૂતન ગચ્છાધિપતિ શ્રી'' ને પદસ્થાપન કરવા માટે સરસ ગોઠવણ કરવામાં આવી હતી. ધર્મશાળાના પ્રાંગણમાં રુપા-મોતી, રુપિયા વગેરેની ૫૬ મહાદર્ય ગહુંલીયો રચવામાં આવી હતી. ''નૂતન ગચ્છાધિપતિ શ્રી'' ના ૩૬ વિશેષણોને વિશિષ્ટ રીતે લખીને ત્યાં લટકાવવામાં

આવ્યા હતા. પૂજ્યોની પધરામણી થતાંજ મહારાષ્ટ્રના ગુરુભક્તો હર્ષથી ઝૂમી ઉઠયા હતા. ગુરુભક્તોએ નૂતન ગચ્છાધિપતિશ્રીને મોતીએ .. સોના-રુપાના ફુલો તથા અક્ષતોથી ખૂબ વધાવ્યા. ત્યારબાદ ત્યાં વિશિષ્ટ રીતે સુશોભિત કરાયેલી પાટ ઉપર પૂજ્યો બિરાજમાન થયા. ગુરુવંદન-માંગલિક, પ્રાસંગિક હિતશિક્ષાદિ વિધિ સંપન્ન થયો. ગુરુભક્તોએ સંયમોપયોગી ઉપકરણો વહોરાવ્યા.

ત્યારબાદ સર્વમંગલ થતા પૂજ્યો સ્વસ્થાને પધાર્યા. બપોરે મહારાષ્ટ્ર ભુવનના મંડપે ''શ્રી બૃહદ્અષ્ટોત્તરી શાન્તિ સ્નાત્ર મહાપૂજન'' ભાવોલ્લાસ સાથે ભણાવાયું હતું. તેનો લાભ શ્રી છોટાલાલ નગીનદાસ શાહ પરિવાર પિંપળગામ નાસિકવાલાએ તથા શ્રીમતી કમળાબેન મોતીલાલ છગનલાલ શાહ પરિવાર નાસિક-સિન્નર વાલાએ લીધો હતો. આજના દિવસનો લાભ ગુરુભક્ત પરિવારોએ લીધો હતો. રાત્રે નંદપ્રભા પ્રાસાદે પ્રભુભક્તિ ભાવનામાં શ્રી આલાપભાઈ દેસાઈએ સૌને પ્રભુભક્તિના રંગે રંગી દીધા હતા. આ સંપૂર્ણ મહોત્સવ ગચ્છસ્થવિર પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયલલિતશેખર સૂરીશ્વરજી મહારાજા તથા વાત્સલ્યવારિધિ પૂજ્ય મહાબલસૂરીશ્વરજી મહારાજા તથા પરાર્થપ્રવણ પૂ. પંન્યાસપ્રવર શ્રી વજ્રસેન વિજયજી મહારાજાની શુભ નિશ્રામાં ઉજવાયો હતો. આ મહોત્સવ દરમ્યાન પાંચેય દિવસ મહારાષ્ટ્ર ભુવન જિનાલયે. નંદપ્રભા પ્રાસાદે તથા મહોત્સવના જિનાલયે પરમાત્માની સુંદર અંગરચના કરવામાં આવી હતી. સર્વ વિધિવિધાન શુદ્ધ રીતે શ્રીયુત્ નવીનભાઈ જામનગરવાલાએ કરાવ્યા હતા. મહારાષ્ટ્રભુવનની પાછળ બાંધેલા વિશાલ હોલમાં ત્રણેય ટંકની સાધર્મિક ભક્તિની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ મહોત્સવનું સંપૂર્ણ આયોજન ''ગચ્છાનુજ્ઞા પ્રદાન મહોત્સવ સમિતિ'' એ કર્યું હતું. પદપ્રતિષ્ઠાના પાવન દિને ભારતભરના અનેક સંઘોમાં સમૂહ આયંબિલ તપનું આયોજન કરવામાં આવ્યું હતું. તદનુસાર સંખ્યાબંધ આયંબિલ થવા પામ્યા હતા. દરેક આયંબિલ તપસ્વીને ૫૦ રુ. ની પ્રભાવના કરવામાં આવી હતી. આ આયોજનમાં આયંબિલનો તથા પ્રભાવનાનો સંપૂર્ણ લાભ શ્રી તપગચ્છ ઉદય કલ્યાણ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ બોરીવલીએ લીધો હતો. આજના દિને અનેક મુખ્યતીર્થોમાં પાલીતાણાના અનેક જિનાલયોમાં તથા ગુજરાત-મહારાષ્ટ્રના અનેક ગામોમાં પરમાત્માની સુંદર આંગી રચાવવામાં આવી હતી. આ રીતે અનેક વિશેષતાઓથી સભર આ મહોત્સવ હજારો ભાવિકોના જીવનનું કાયમી સંભારણું બની ગયું. આ અવસર જેમણે માણ્યો તે ધન્ય ધન્ય થઈ ગયા.

અખાત્રીજની શુભ સવારે મંગલમુહૂર્તે નંદપ્રભા પરિસરમાં નંદપ્રભા પરિવાર દ્વારા નિર્માણ પામનારા આલીશાન ઉપાશ્રયના ખનનવિધિનો પ્રસંગ ગચ્છસ્થવિર પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયલલિતશેખરસૂરીશ્વરજી મહારાજા આદિ પૂજ્યોની નિશ્રામાં ઉલ્લાસભેર ઉજવાયો હતો. ત્યારબાદ ''નંદપ્રભા પ્રાસાદે'' શ્રી પાર્શ્વપંચકલ્યાણક પૂજા ઠાઠમાઠથી ભણાવાઈ હતી. શ્રી આલાપભાઈ દેસાઈના મધુર સૂરોના સથવારે આ પૂજા જીવનની યાદગાર પૂજા બનવા પામી હતી.

અખાત્રીજના આજના દિને અનેક શ્રમણ-શ્રમણી ભગવંતોને વર્ષીતપના પારણા હોવાથી વડીલ પૂજ્યોની સાથે ''નૂતન ગચ્છાધિપતિ શ્રી'' ની કસ્તુરધામ.. મહારાષ્ટ્ર ભુવન, બોથરા ભવન આદિ સ્થળે પધરામણી થઈ હતી ત્યાં ગુરુવંદનાદિથી લઈને સંઘપૂજન સુધીનો વિધિ સંપન્ન થયો હતો.

''પૂ. વાત્સલ્યવારિધિશ્રી'' તથા ''પૂ.નૂતન ગચ્છાધિપતિ શ્રી''ના શુભ સાન્નિધ્યમાં અત્યારે ''બાલ-યુવા સંસ્કરણ અભિયાન અન્તર્ગત ઉનાળુવેકેશન સિદ્ધગિરિરાજની ૯૯ યાત્રા ચાલે છે. તેમાં ૨૫૦ જેટલા બાલ-યુવા સાધકો સુંદર સાધના કરી રહ્યા છે.''

''પૂ. નૂતન ગચ્છાધિપતિ શ્રી'' રોજ સવારે ૧૦.૦૦ ક. પૂ. શ્રમણ-શ્રમણી ભગવંતો માટે સાડા ત્રણસો ગાથાના સ્તવનના આધારે પ્રેરક વાચનાઓ ફરમાવે છે. જેનો લાભ શ્રમણ-શ્રમણી ભગવંતો સારી સંખ્યામાં લઈ રહ્યા છે. મહોત્સવના કારણે અત્યારે વાચના માંગલિક હતી હવે ટુંક જ સમયમાં વાચનાનો પુનઃ પ્રારંભ થશે.

# પાલિતાણાની પવિત્ર ધરતી પર શાનદાર રીતે ઉજવાયેલ ગચ્છાધિપતિપદ પ્રતિષ્ઠા મહોત્સવનો તેમજ સૂરિપદ પ્રદાનનો

**-ઃ અનુમોદનીય સમારંભ ઃ-**

- **વિશ્વનું સર્વોત્તમ શ્રેત્ર શ્રી સિદ્ધગિરિરાજની તારક છત્ર છાયા...**
- **૨૨૦૦ વર્ષ પ્રાચિન શ્રી પદ્મપ્રભ પ્રભુનું પ્રભાવક સાન્નિધ્ય...**
- **ગચ્છસ્થવિર પૂ. આ.ભ. શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાદિ દ્વિશતાધિક શ્રમણ-શ્રમણી ભગવંતોની નિશ્રા-ઉપસ્થિતિ...**
- **દેવ -ગુરુ-સાધર્મિક ભક્તિના શાસ્ત્ર મર્યાદાપૂર્ણ વિવિધ અનુષ્ઠાનો...**
- **ભારતભરના અનેક સંઘોમાં સંખ્યાબંધ આયંબિલ તપની મંગલ આરાધના...**
- **ભારતભરમાંથી હજારો ભાવિકોનું શુભાગમન...**
- **સોનામાં સુગંધની જેમ ૧ આચાર્યપદવી તથા ૬ વડીદીક્ષાઓ થઈ...**
- **ઉત્સાહ-ઉદારતા અને ઉપસ્થિતિના ત્રિવેણી સંગમે શોભી ઉઠતા પ્રત્યેક પ્રસંગો...**
- **૫૬ કમાનો વિ. દ્વારા તલેટી માર્ગનો સુંદર શણગાર...**
- **પદ પ્રદાન પછી મહારાષ્ટ્રના સંઘોએ કરેલા શાનદાર વધામણા...**
- **અનેક ગામોમાં-તીર્થોમાં ભવ્ય અંગરચના તથા વિશિષ્ટ પ્રભાવના...**
- **પાલિતાણાના જૈન સંઘ સમસ્તનું મુંબઈ-વાલકેશ્વર નિવાસી શેઠ માણેકલાલ મોહોલાલ ઝવેરી પરિવાર - મુંબઈ તરફથી સાધર્મિક વાત્સલ્ય.**

શ્રી સિદ્ધગિરિરાજની છત્રછાયામાં... નંદપ્રભા પ્રાસાદના પ્રાંગણમાં... ગચ્છસ્થવિર પૂ. આ.ભ. શ્રીમદ્ વિજય લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાની શુભનિશ્રામાં.. ''સૂરિરામચન્દ્ર'' સમુદાયવર્તિ ૨૦ આચાર્ય ભગવંતાદિ ચતુર્વિધ શ્રી સંઘની સુવિશાલ સમુપસ્થિતિમાં. વિ.સં.૨૦૬૭ ફાગણ વદ ૧૦ ની પુણ્ય-પ્રભાતે આપણા સૌના પરમતારક પરમશ્રદ્ધેય પરમગુરુદેવ તપાગચ્છાધિરાજ પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના સુવિશાલ સમુદાયના નૂતન ગચ્છાધિપતિ તરીકે વાત્સલ્યવારિધિ પૂ.આ.ભ. શ્રીમદ્વિજયમહાબલસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન પ્રવચન પ્રદીપ પૂ.આ.ભ. શ્રીમદ્વિજયપુણ્યપાલસૂરીશ્વરજી મહારાજાના નામની મંગલ-ઉદ્ઘોષણા થતાં જ સમગ્ર ભારતભરના અને વિશેષ કરીને મહારાષ્ટ્રના શ્રી સંઘોમાં આનંદોલ્લાસનું એકછત્રી સામ્રાજ્ય સ્થપાયું હતું. તેની ખુશીમાં મહારાષ્ટ્રના અનેક ગામોમાં.. અંગરચનાઓ થઈ હતી. પૂજા-પૂજનો ભણાવાયા હતા. ઘેર-ઘેર ગોળના રવાની લ્હાણીઓ થઈ હતી. સાધર્મિકવાત્સલ્યો થયા હતા. સર્વ આચાર્ય ભગવંતોએ કરેલા નિર્ણયાનુસારે વૈશાખ મહિને વિધિવત્ પદ-પ્રતિષ્ઠા પ્રસંગ ઉજવવાનું નિશ્ચિત થયું.. સર્વ શાસનભક્તો, સમુદાયભક્તો અને ગુરુભક્તો આ આનંદઅવસરને તન-મન-ધનથી ઉજવવા માટે લાલાયિત બન્યા હતા. પદપ્રતિષ્ઠા માટે વૈશાખ સુદ ૨, આ મંગલ મુહૂર્તની જાણ થતા ''ગચ્છાનુજ્ઞા પ્રદાન મહોત્સવ સમિતિ'' ના નેજા હેઠળ પંચાહ્નિક પ્રભુભક્તિ મહોત્સવનું આયોજન નિર્ણિત થયું. સંપૂર્ણ મહોત્સવનો લાભ પોતાને મળે એવી અનેક પુણ્યાત્માઓની ભાવના હોવા છતાં બધાયને લાભ મળે તે હેતુથી યોજનાઓ યોજાઈ..''વહેલા તે પહેલા''ના ધોરણે લાભો અપાયા. આકર્ષક કંકોતરી દ્વારા

*(અનુસંધાન પાના નં. ૨૦ પર)*

Shri Prabhavak Jinvani (Gujarati-monthly), Publisher : Shri Jinvani Pracharak Trust, 59, Bank of India Bldg., 2nd Floor, 185, Sheikh Memon Street, Mumbai-400 002. Editor : Shah Dilip Hargovinddas (Gheewala), printed at M/s. Meghart Color Crafts, 42, Ideal Ind. Estate, Mathuradas Mills Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400 013. The owner and the trust do not have any tie up/collaboration with any foreign organization.